RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ચૈત્ર સુદ-૧૧   શુક્રવાર, તા.૧૯-૦૪-૨૦૨૪   અંક : ૧૫૩ વર્ષ : ૨૧   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠક પર ઉત્સાહપૂર્ણ મતદાન

**બાર વાગ્યા સુધીમાં સરેરાશ ૨૮ ટકાથી વધુ મતદાન : મણિપુરમાં પોલિંગ બૂથમાં ફાયરિંગ, EVMમાં તોડફોડ, કૂચ બિહારમાં પથ્થરમારો; છત્તીસગઢના બીજાપુરમાં બ્લાસ્ટ : નીતિન ગડકરી સહિત ૮ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રીનું નસીબ EVMમાં થશે કેદ**



નવીદિલ્હી,
લોકસભાના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન શરૂ થઈ ગયું છે. સીટોની દૃષ્ટિએ આ સૌથી મોટો તબક્કો છે. મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે.

વોટર ટર્નઆઉટ એપ મુજબ સવારે ૧૧ વાગ્યા સુધી બંગાળમાં સૌથી વધુ મતદાન થયું હતું. અહીં ૩૩.૫૬% મતદાન થયું હતું. સૌથી ઓછું મતદાન લક્ષદ્વીપમાં થયું હતું, જ્યાં ૧૬.૩૩% મતદાન થયું હતું. ૨૧ રાજ્યોમાં સરેરાશ ૨૫% મતદાન થયું હતું.બપોર બાર સુધીમાં આ મતદાન વધીને ૨૮થી ૩૦ ટકા સુધી પહોંચ્યું હતું

વોટિંગ દરમિયાન મણિપુરના બિષ્ણુપુરમાં ગોળીબાર, બંગાળના કૂચબિહારમાં હિંસા અને છત્તીસગઢના બીજાપુરમાં ગ્રેનેડ બ્લાસ્ટ થયો હતો.

પ્રથમ તબક્કામાં ૧,૬૨૫ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાંથી ૧,૪૯૧ પુરુષ અને ૧૩૪ મહિલા ઉમેદવારો છે. આ વખતે ૮ કેન્દ્રીય મંત્રીઓ, એક પૂર્વ મુખ્યમંત્રી અને એક પૂર્વ રાજ્યપાલ પણ મેદાનમાં છે. આ તબક્કા બાદ બીજા તબક્કાનું મતદાન ૨૬મી એપ્રિલે થશે. કુલ ૭ તબક્કામાં ૫૪૩ બેઠકો માટે ૧ જૂને મતદાન સમાપ્ત થશે. તમામ બેઠકોના પરિણામ ૪ જૂને આવશે.

## ગુજરાતમાં ઉમેદવારી નોંધાવવાનું આજે પુર્ણ : હવે જામશે ખરો માહોલ

અમદાવાદ,
લોકસભાની ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કામાં આજે વોટીંગ થઈ રહ્યું છે તો ત્રીજા તબક્કામાં ગુજરાત સહિતના રાજ્યોમાં ઉમેદવારી નોંધાવાનો આજે છેલ્લો દિવસ છે. મહત્વનું છે કે આ ત્રીજા તબક્કામાં ગૃહમંત્રી અમિત શાહ સહિતના ઉમેદવારો મેદાન છે. કેન્દ્રીય ગૃહમંત્રી આજે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.અને ફોર્મ ભર્યા બાદ ગાંધીનગરથી અમિત શાહ રવાના થયા છે.

લોકસભા ચૂંટણીને લઈ ઉમેદવારીનો આજે છેલ્લો દિવસ છે. આજે ગુજરાતમાં ભાજપ-કોંગ્રેસનાં ૬ નેતા ઉમેદવારી નોંધાવી રહ્યા છે. ગાંધીનગરથી અમિત શાહ, નવસારીથી સી.આર.પાટીલ ઉમેદવારી નોંધાવવા પહોચ્યા હતા. જામનગરથી પૂનમ માંડમ અને રાજકોટથી પરેશ ધાનાણી પણ આજે અંતિમ દિવસે પોતાની ઉમેદવારી રજુ કરી રહ્યા છે.

ત્રીજા તબક્કામાં યોજાનાર ૧૨ રાજ્યોના મતદાનમાં ગુજરાતનો સમાવેશ થાય છે. આજે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતા ગુજરાતમાં હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા, રેલી, અન્ય સ્ટાર પ્રચારકો દ્વારા પ્રચાર-પ્રસાર દ્વારા રાજકીય માહોલ જામશે.

## ઈરાન પર ઈઝરાયેલનો મિસાઈલ-ડ્રોનથી હુમલો

**પરમાણુ કેન્દ્રો ધરાવતાં ઈસ્ફાહાનનાં એરપોર્ટ નજીક પ્રચંડ વિસ્ફોટઃ ઈરાને તહેરાન સહિત ત્રણ શહેરોની ફલાઈટો બંધ કરી દીધીઃ આંતરરાષ્ટ્રીય વિમાનો વૈકલ્પિક રૂટ પરથી ઉડવા લાગ્યાઃ હાલત વકરવાના એંધાણ**

તહેરાન
મધ્ય પૂર્વમાં ભીષણ યુધ્ધનાં ભણકારા વાગવા લાગ્યા છે. ઈઝરાયેલે મોડીરાત્રે ઈરાન પર ડ્રોન-મીસાઈલ ઝીંકયા હતા ઈરાને મિસાઈલ હુમલાની વાત નકારીને ડ્રોન હુમલા મારી હટાવ્યાનો દાવો કર્યો છે. લોકલ વિમાની સેવા બંધ કરી દેવામાં આવી છે. જયારે આંતર રાષ્ટ્રીય વિમાનોએ રૂટ ડાઈવર્ટ કરવાનું શરૂ કરી દીધુ છે.

ઈરાનની ન્યુઝ એજન્સીએ એવો દાવો કર્યો હતો કે ઈરાનનાં શહેર ઈસ્ફાસનના એરપોર્ટ નજીક પ્રચંડ વિસ્ફોટ સંભળાયો હતો.જેને પગલે ઈરાને એરકધડીશન્ડ સીસ્ટમ એકટીવ કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે ઈરાનનાં અનેક અણુ સ્થળો ઈસ્ફાહાન ક્ષેત્રમાં જ છે.જોકે કોઈ અણુ પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા નથી અને તમામ સુરક્ષિત છે.

સિરીયામાં ઈરાની દુતાવાસ પર હુમલાનો બદલો લેવા માટે ઈરાને ગત સપ્તાહમાં ઈઝરાયેલ પર ડ્રોન મિસાઈલ હુમલો કર્યો હતો તેના વળતા બદલારૂપે હવે ઈઝરાયેલ દ્વારા પ્રહાર કરાયો છે. ઈઝરાયેલે ગઈકાલે જ બદલો લેવાનું જાહેર કર્યું હતું અને બાદમાં મોડીરાત્રે આક્રમણ કર્યું હતું. ઈરાને એર ડીફેન્સ સીસ્ટમ એકટીવ કરીને ત્રણેય ડ્રોનને આકાશમાં જ તોડી પાડયા હતા. ડ્રોન હુમલા મારી હટાવ્યા હતા.

## મિસાઈલ હુમલાથી શેરબજાર ક્રેશ

**સેન્સેક્સ આજે ૪૮૯ પોઈન્ટ ઘટીને ૭૧,૯૯૯.૬૫ પર ખુલ્યો**

ઈઝરાયેલે ઈરાન પર મિસાઈલથી હુમલો કરીને જવાબી કાર્યવાહી કરી છે, જેના કારણે મોટા પાયે યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે. ઈરાન સામે ઈઝરાયેલના જવાબી પગલાની અસર આજે શેરબજારમાં પણ જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો છે. શેરબજારમાં શરૂઆતી ટ્રેડિંગમાં જ કડાકો થયો હતો. સેન્સેક્સ આજે ૪૮૯ પોઈન્ટ ઘટીને ૭૧,૯૯૯.૬૫ પર ખુલ્યો હતો

બજાર ખુલતા પહેલા ઈરાનની સરકારી સમાચાર એજન્સીએ જણાવ્યું કે ઈઝરાયેલે શુક્રવારે વહેલી સવારે ઈરાનના ઈસ્ફહાન શહેરના એરપોર્ટ પર મિસાઈલથી હુમલો કર્યો છે. આવી સ્થિતિમાં જયારે શેરબજાર ખુલ્યું ત્યારે જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. બીજું મોટું કારણ ગુરુવારે ઈન્ફોસિસનું પરિણામ હતું, જેના કારણે એડીઆરમાં ૮ ટકાનો ઘટાડો થયો હતો, જેના કારણે આ મોટી કંપનીમાં વેચવાલી થઈ હતી. આ સિવાય સેન્સેક્સની એક્સપાયરીના કારણે પણ આજે વેચવાલીનો દબદબો છે.

## EDએ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની કરી ધરપકડ

નવીદિલ્હી,
ED દ્વારા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની ધરપકડ કરવામાં આવી છે. વક્ફ બોર્ડ નિમણૂક કૌભાંડમાં પીએમએલએ હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી. લગભગ ૯ કલાકની પૂછપરછ બાદ EDએ તેની ધરપકડ કરી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગુરુવારે (૧૮ એપ્રિલ) ધારાસભ્ય અમાનતુલ્લા ખાન પૂછપરછ માટે ED સમક્ષ હાજર થયા હતા.

અમાનતુલ્લા ખાન પર દિલ્હી વક્ફ બોર્ડના અધ્યક્ષ તરીકે ૩૨ લોકોની ગેરકાયદે ભરતી કરવાનો આરોપ છે. આ સાથે તેણે દિલ્હી વક્ફ બોર્ડની ઘણી મિલકતો ગેરકાયદેસર રીતે ભાડે આપી છે. એવો પણ આરોપ છે કે તેણે દિલ્હી વક્ફ બોર્ડના ફંડનો દુરુપયોગ કર્યો છે. દિલ્હી વક્ફ બોર્ડના તત્કાલિન સીઈઓએ આવી ગેરકાયદેસર ભરતી વિરુદ્ધ નિવેદન બહાર પાડ્યું હતું. આ કેસમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ સપ્ટેમ્બર ૨૦૨૨માં અમાનતુલ્લા ખાનની પૂછપરછ કરી હતી. તેના આધારે ACBએ ચાર સ્થળોએ દરોડા પાડ્યા હતા, જ્યાંથી લગભગ ૨૪ લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ ઉપરાંત બે ગેરકાયદેસર અને લાઈસન્સ વગરની પિસ્તોલ, કારતૂસ અને દારૂગોળો પણ મળી આવ્યો હતો.

આ પછી, અમાનતુલ્લા વિરુદ્ધ પુરાવા અને વાંધાજનક સામગ્રીના આધારે તેની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેને ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો.

## ઈન્ડિયન નેવીના નવા પ્રમુખ બન્યા વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠી

**હાલમાં વાઈસ ચીફ ઓફ નેવી સ્ટાફ છે; ૩૦ એપ્રિલે ચાર્જ સંભાળશે**

નવી દિલ્હી
વાઈસ એડમિરલ દિનેશ ત્રિપાઠીને ઈન્ડિયન નેવીના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ગુરુવારે મોડી રાત્રે આની જાહેરાત કરી હતી. દિનેશ ત્રિપાઠી વર્તમાન નેવી ચીફ એડમિરલ આર હરિ કુમારનું સ્થાન લેશે. તેઓ ૩૦ એપ્રિલે નિવૃત્ત થઈ રહ્યા છે. દિનેશ ત્રિપાઠી એ જ દિવસે ચાર્જ સંભાળશે.

દિનેશ ત્રિપાઠી હાલમાં વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ છે. તેઓ અગાઉ વેસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ રહી ચૂક્યા છે. તેમની ૩૯ વર્ષની લાંબી કારકિર્દીમાં, તેમણે ઈન્ડિયન નેવીના ઘણા મહત્વપૂર્ણ એસાઈમેન્ટ પર કામ કર્યું છે.

વાઈસ એડમિરલ દિનેશને ૧ જુલાઈ ૧૯૮૫ના રોજ ઈન્ડિયન નેવીમાં કમિશન્ડ થયા હતા. તે કોમ્યુનિકેશન અને ઈલેક્ટ્રોનિક વોરફેર નિષ્ણાત છે. તેઓ નૌકાદળના ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજો પર સિગ્નલ કોમ્યુનિકેશન ઓફિસર અને ઈલેક્ટ્રોનિક વોરફેર ઓફિસર રહી ચૂક્યા છે.

## પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા ISI પોતાના દેશના નાગરિકોને પણ છોડતી નથી

**ISIના અધિકારીઓએ કરી લૂંટફાટ, સુપ્રીમનો તપાસનો આદેશ**

નવીદિલ્હી,
ભારતમાં વર્ષોથી આતંકવાદને પ્રોત્સાહન આપી રહેલી પાકિસ્તાનની કુખ્યાત જાસૂસી સંસ્થા ISI પોતાના નાગરિકોને પણ છોડતી નથી.ISI પર પાકિસ્તાનના એક નાગરિકે પોતાના ઘરમાં ઘૂસીને લૂંટ ચલાવવાનો આરોપ મૂકયો છે. જેના પગલે કોર્ટે આપેલા આદેશ બાદ પાકિસ્તાની સેનાએ તત્કાલિન ISI ચીફ જનરલ ફૈઝ હમીદની સામે તપાસ શરુ કરી છે.

ISI હમીદ સામે એક મેજર જનરલની અધ્યક્ષતામાં બનેલી કમિટી તપાસ કરશે. જનરલ હમીદે ૨૦૨૨માં નિવૃત્ત થવાની જગ્યાએ કેટલાક મહિનાઓ પહેલા જ ISI ડાયરેકટરના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ હતુ. જનરલ હમીદનુ નામ ફૈઝાબાદ ધરણા સહિતના વિવાદોમાં ઉછળ્યુ હતુ. પાકિસ્તાનના ત્રણ વખત વડાપ્રધાન રહી ચુકેલા નવાઝ શરીફે સુપ્રીમ કોર્ટને કહ્યુ હતુ કે, મને સત્તા પરથી હટાવવામાં પૂર્વ સેના પ્રમુખ જનરલ બાજવા તેમજ ISI ચીફ જનરલ હમીદની મુખ્ય ભૂમિકા હતી.

## હૈદરાબાદમાં, ૫.૪૧ લાખથી વધુ મતદારોના નામ સૂચિમાંથી દૂર

**ઓવૈસી અને માધવી લતા વચ્ચે છે મુકાબલો : માધવી લતાનો દાવો - ૬ લાખથી વધુ નકલી મતદારો**

હૈદરાબાદ,
ચૂંટણી પંચે હૈદરાબાદ જિલ્લાની મતદાર યાદીમાંથી ૫.૪૧ લાખ મતદારોના નામ હટાવી દીધા છે. જિલ્લામાં ૧૫ વિધાનસભા બેઠકો આવેલી છે. યાદીમાંથી મતદારોના નામ હટાવવાના કારણોમાં તેમનું મૃત્યુ, રહેઠાણમાં ફેરફાર અને નામની બે વાર નોંધણી છે. અહીં મુખ્ય સ્પર્ધા ભાજપના અસદુદ્દીન ઓવૈસી અને માધવી લતા વચ્ચે માનવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૯માં ઓવૈસીએ ભાજપના ઉમેદવારને ૨ લાખ ૮૨ હજાર ૧૮૬ મતોથી હરાવ્યા હતા. અહીં બીજેપી બીજા સ્થાને હતી. વર્ષ ૨૦૧૪માં ઓવૈસી ૨૮૨૧૮૬ મતોથી જીત્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૩ થી હૈદરાબાદ જિલ્લાની ૧૫ વિધાનસભા મતવિસ્તારોમાં કુલ ૪૭,૧૪૧ મૃત મતદારો, ૪,૩૯,૮૦૧ "સ્થાનાતરિત મતદારો" અને ડુપ્લિકેટ મતદારોના ૫૪,૨૫૯ નામો યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## સ્કોટલેન્ડમાં નદીમાં ડૂબી જવાથી ૨ ભારતીય વિદ્યાર્થીઓના મોત


**મિત્રો સાથે ગયા હતા ટ્રેકિંગ કરવા**

સ્કોટલેન્ડ,
સ્કોટલેન્ડમાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. ડૂબી જવાથી બંને વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો હતો.એક મૃતક ૨૨ વર્ષનો અને બીજો ૨૭ વર્ષનો હતો. ટ્રેકિંગ દરમિયાન બંનેએ અચાનક બેલેન્સ ગુમાવ્યું અને પાણીમાં પડી ગયા. બંનેના મૃતદેહ મળી આવ્યા છે. આ અકસ્માત બુધવારે રાત્રે થયો હતો.

ચાર મિત્રો લિન ઓફ ટુમેલ ટૂરિસ્ટ સ્પોટ, જે તેના ધોધ માટે પ્રખ્યાત છે, ત્યાં ટ્રેકિંગ માટે ગયા હતા. ચારેય ડંડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા. બે વિધાર્થી પાણીમાં પડતાં જ બાકીના બંને મિત્રોએ પોલીસને જાણ કરી હતી. જે બાદ પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. બંને મૃતકો આંધ્રપ્રદેશના રહેવાસી હતા. લંડન સ્થિત ભારતીય દૂતાવાસે પણ આ ઘટનાની પુષ્ટિ કરી છે. તેમના મૃતદેહ મળી આવ્યા છે. દૂતાવાસ વિદ્યાર્થીઓના પરિવારના સંપર્કમાં છે. સાથે જ ડંડી યુનિવર્સિટીએ પણ શક્ય તમામ મદદની ખાતરી આપી છે.

## દેશમાં પ્રથમ વખત સ્તન કેન્સર માટે રોબોટિક સર્જરી

**મહિલા સારવાર પછી બાળકને સ્તનપાન પણ કરાવી શકી**



નવીદિલ્હ,
દેશમાં પ્રથમ વખત સ્તન કેન્સરથી પીડિત મહિલાઓ માટે રોબોટિક સર્જરી કરવામાં આવી છે. દિલ્હીની એક ખાનગી હોસ્પિટલે આ દાવો કર્યો છે. હોસ્પિટલે જણાવ્યું હતું કે બે મહિલાઓના સ્તનોને ટિશ્યુ રિકન્સ્ટ્રક્શન સાથે સાચવવામાં આવ્યા હતા. સર્જરી દરમિયાન મહિલાઓના સ્તન કાઢવાની જરૂર નહોતી.


પંજાબી બાગ સ્થિત સી.કે. બિરલા હોસ્પિટલના ઓન્કોલોજી સર્જરી વિભાગના ડાયરેક્ટર મનદીપ સિંહ મલ્હોત્રાએ જણાવ્યું કે ડિલિવરી પછી ૨૭ વર્ષીય મહિલાને સ્તનમાં ગાંઠ થઈ હોવાની ફરિયાદ હતી.

ગર્ભાવસ્થા અને સ્તનપાન દરમિયાન સ્તનમાં આવા ફેરફારો દેખાય છે, પરંતુ મહિલા તેની સમસ્યાને અવગણતી રહી. તબીબી તપાસમાં પ્રારંભિક તબક્કામાં સ્તન કેન્સર હોવાનું બહાર આવ્યું હતું. આ પછી મહિલા કીમોથેરાપી, ઈમ્યુનોથેરાપી અને કુદરતી પૂરવણીઓ આપવામાં આવી હતી.

મહિલા સારવાર પછી બાળકને સ્તનપાન કરાવી શકીઃ કીમોથેરાપી ગાંઠને સંપૂર્ણપણે દૂર કરવામાં મદદરૂપ છે. કોઈપણ ગૂંચવણો વિના રોબોટિક સહાયથી પેશી પુનઃનિર્માણ સહિત સ્તન સાચવવાની શસ્ત્રક્રિયા કરાઈ.

કેન્સરને કારણે તેના બંને સ્તનો કાઢી નાખવામાં આવશે તેવી મહિલાને ચિંતા હતી. જોકે રોબોટિક સર્જરીમાં આવું બન્યું નહિ અને સારવાર બાદ મહિલાએ બાળકને ફરીથી સ્તનપાન કરાવ્યું. અન્ય એક કિસ્સામાં, ૬૦ વર્ષીય મહિલાની સ્તન કેન્સરની સર્જરી આ જ તકનીકનો ઉપયોગ કરીને કરવામાં આવી હતી. સ્તનમાં ત્રણ ગઠ્ઠો હતા. મહિલા હવે સ્વસ્થ જીવન જીવી રહી છે.

# રાહતની આગાહી : મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટશે



## ગુરૂવારે અગનભઠ્ઠીમાં ફેરવાયું ગુજરાત : તમામ જિલ્લામાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું શુક્રવારથી ગરમી-ભેજના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અકળામણનો અહેસાસ થશે

અમદાવાદ,

ગુજરાતવાસીઓ છેલ્લા ત્રણ દિવસથી ગરમીમાં શેકાઈ રહ્યા છે ત્યારે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. હવામાન વિભાગની આગામી દિવસો માટેની આગાહી અનુસાર, આગામી ૨૪ કલાક બાદ રાજ્યભરનું મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી ઘટી શકે છે. હાલમાં ગુજરાત પર આવતા પવનોની દિશા ઉત્તર દિશા તરફની હતી, જે હવે બદલાઈને ઉત્તર-પશ્ચિમી અને ઉત્તર દિશા તરફની થઈ છે. એને કારણે તાપમાનમાં આંશિક ઘટાડો થઈ શકે છે.

રાહતના આ સમાચાર પૂર્વે છેલ્લા બે દિવસથી ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગુરૂવારે પણ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. જો કે હવે રાહતના સમાચાર આપતા હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારમાં હીટવેવની શક્યતા છે. પરંતુ સિવિયર હિટવેવ નહિં હોય દાસે વધુમાં જણાવ્યું હતું કે આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગરમી અને ભેજના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અકળામણનો અહેસાસ થશે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અરબ સાગર પરથી વાદળો ગુજરાત તરફ ખેંચાઈ આવે છે અને પવનની દિશા પણ ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર દિશા તરફની હોવાથી અમદાવાદ શહેરમાં સવારથી જ આકાશમાં ક્યાંક વાદળો દેખાઈ રહ્યાં છે, પરંતુ વાતાવરણનો ઉપરી સ્તર પર વાદળો બંધાવાને કારણે વરસાદી વાદળ હોતાં નથી.

પરંતુ એને કારણે વાતાવરણમાં મોન્સ્ટર ઈનકર્શન થાય છે, તેથી ૨૪ કલાક બાદ ગરમીથી આંશિક રાહત મળે એવી શક્યતા છે.

# અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી નાખ્યો

## લોકસભાની ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીને વધુ એક ફટકો

અમદાવાદ,

લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આમ આદમી પાર્ટીને ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે, કારણ કે સુરતમાં અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યો છે. બન્નેએ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને પોતાનાં રાજીનામાં મોકલ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ આમ આદમી પાર્ટીએ સ્ટારપ્રચારકની યાદી જાહેર કરી હતી, જેમાં અલ્પેશ કથીરિયાનું નામ હતું, જોકે આજે રાજીનામું આપી દેતાં આમ આદમી પાર્ટીમાં ખળભળાટ મચી ગયો છે.

અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ ઈસુદાન ગઢવીને રાજીમામાં મોકલ્યાં છે, જેમાં લખ્યું છે કે આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત થઈએ છીએ. પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપીએ છીએ. રાજીનામુ સ્વીકારવા વિનંતી. પાટીદાર અનામત સંઘર્ષ સમિતિમાં હાર્દિક પટેલ સાથે સૌથી મોટા ચહેરા તરીકે અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા હતા. હાર્દિકના ગયા બાદ પાટીદાર આંદોલનને તેઓ સંભાળી રહ્યા હતા. ત્યાર બાદ તેમણે આમ આદમી પાર્ટી જોઈન્ટ કરીને બંને ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણી પણ લડ્યા હતા, પરંતુ એકાએક જ તેમણે રાજીનામાં આપી દેતાં અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

# હું પ્રજાનો પ્રતિનિધિ છુ Dy.SP પણ ન રોકી શકે

## જૂનાગઢમાં કોંગ્રેસના MLA અને PSI વચ્ચે બોલાચાલી

જૂનાગઢ

જૂનાગઢ લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર હીરા જોટવાએ ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ દરમિયાન કલેક્ટર કચેરીની બહાર PSI અને ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા વચ્ચે બોલાચાલી થઈ હતી. મળતી માહિતી અનુસાર, જૂનાગઢથી કોંગ્રેસના ઉમેદવાર હીરા જોટવા ઉમેદવારી ફોર્મ ભરવા માટે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. તેમની સાથે કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા સાથે હતા. આ દરમિયાન બંદોબસ્તમાં રહેલા PSIએ વિમલ ચુડાસમાની કાર સહિતનો કાફલો રોકતા તેઓ ગુસ્સે થયા હતા અને જાહેરમાં PSI સાથે રકઝક થઈ હતી. વિમલ ચુડાસમાએ PSIને કહ્યું હતું કે, 'હું પ્રજાનો પ્રતિનિધિ છું. ડીવાયએસપી પણ ન રોકી શકે. તમે કાયદા પ્રમાણે વર્તન કરો. કાયદો જેમ અમને લાગુ પડે છે એમ તમને પણ પડે છે.

# ગૃહમંત્રી અમિત શાહે પોતાના મત વિસ્તારમાં રોડ શો કર્યો : મોટી સંખ્યામાં લોકો ઉમટયા

## રૂપાલાએ પોતાના નિવેદનને લઈ દિલથી માફી માંગી છે હવે બીજે ક્યાંય નારાજગી નથી



અમદાવાદ,

કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઈને આપેલા નિવેદન પર પહેલીવાર ગૃહમંત્રી અમિત શાહે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે પરષોત્તમ રૂપાલાએ આ મામલે દિલથી માફી માંગી છે. હવે બીજે ક્યાંય નારાજગી નથી. હકીકતમાં કેન્દ્રીય મંત્રી રૂપાલાએ વાલ્મિકી સમાજના એક કાર્યક્રમમાં નિવેદન આપ્યું હતું કે, 'અંગ્રેજોએ આપણા પર રાજ કર્યું. રાજાએ પણ તેની આગળ પ્રણામ કર્યા. તેઓએ (રાજાઓ) તેમની (બ્રિટિશરો) સાથે રોટલી તોડી અને તેમની સાથે તેમની પુત્રીઓના લગ્ન કર્યા. દલિતો પર સૌથી વધુ ત્રાસ ગુજારવામાં આવ્યો, પરંતુ તેઓ ઝૂક્યા નહીં.

તેમના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં મહિલાઓ આગળ આવી હતી. મહિલાઓએ કહ્યું કે કેન્દ્રીય મંત્રીએ તેમની અખંડિતતા પર પ્રહારો કર્યા છે. મામલો વધતો જોઈ પરષોત્તમ રૂપાલાએ માફી માંગી હતી. તેણે કહ્યું, 'મેં જે કહ્યું તે મારો અર્થ નહોતો. હું અત્યંત દિલગીર છું.

# અડાલજ પાસેથી દારૂના જથ્થા સાથે છ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

ગાંધીનગર

મોનિયરીંગ સેલ (એસએમસી)ના અધિકારીઓ માહિતીને આધારે ગાંધીનગર જીલ્લાના અડાલજ સ્થિત એક ગોડાઉન પાસેથી શંકાસ્પદ કાર અટકાવી હતી. કારમાંથી પોલીસે દારૂના જથ્થા સાથે છ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે આરોપીઓ કાર મુકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે આ સંદર્ભે પાંચ શખસો વિરૂધ્ધ ગુનો નોંધી તેમની શોધ હાથ ધરી છે.



એસએમસીના અધિકારીઓએ અડાલજના મહેસાણા અમદજાવાદ હાઈવે પરના ઉવારસદ જવાના રોડ પરના ગાયત્રી ગોડાઉન આગળથી કારમાંથી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે રૂ. ૧,૦૫,૩૦૦ નો વિદેશી દારૂ, કાર વગેરે મળીને કુલ રૂ. ૬,૦૫,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે સ્વિફ્ટ કારના ચાલક, ક્લિનર ઉપરાંત દારૂનો જથ્થો મંગાવનાર અને મોકલનાર સહિત પાંચ શખ્સો સામે ગુનો નોંધીને તેમની શોધ હાથ ધરી છે.

# વડોદરાના સાવલી પોલીસ મથક આગળ આત્મવિલોપનનો પ્રયાસ

## હેડ કોન્સ્ટેબલે સાવલી પોલીસ મથકમાં એટ્રોસિટી ફરિયાદ નોંધાવી હતી

વડોદરા

વડોદરા જિલ્લાના સાવલીમાં શોભાયાત્રામાં બંદોબસ્ત દરમિયાન ત્રણ યુવકોએ પીસીઆર હટાવવા મામલે ઈન્ચાર્જ સાથે જાતિ વિષયક અપમાનિત કરીને સાથે રહેલા પોલીસ સ્ટાફ સાથે ગાળાગાળી કરી તેમજ ફરજમાં રૂકાવટ કરી તું કેવી રીતે ટાઉનમાં નોકરી કરે છે, તને જોઈ લાઈશું તેવી ધમકી આપતા અનાર્મ હેડ કોન્સ્ટેબલે સાવલી પોલીસ મથકમાં એટ્રોસિટી ફરિયાદ નોંધાવી હતી. જેને લઈ યુવકોને માર માર્યો હોવાના આક્ષેપો પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા હતા અને પોલીસ મથક આગળ રામધૂન બોલાવી હતી. જો કે, પોલીસે આ તમામ આક્ષેપો ખોટા હોવાની વાત કરી હતી.

રામજીની શોભાયાત્રા દરમિયાન પીસીઆર ઈન્ચાર્જ દ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ પરિવારજનોએ યુવકને સાવલી પોલીસ દ્વારા બેરહેમી પૂર્વક માર મારવામાં આવ્યો છે. અને ન્યાય મળે તે માટે સાવલી પોલીસ મથક આગળ હિન્દુ સંગઠનોએ રામધૂન બોલાવી હતી. આ બનાવમાં જયપાલસિંહ મહીડાએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો.

# સરખેજમાં રૂ. ૩૦ લાખની લેતી-દેતી મામલે ફાયરિંગ

## એક યુવકને ઈજા પોલીસે ફાયરિંગ કરનારની કરી અટકાયત

અમદાવાદ,

સરખેજના મહમદપુરા રોડ પર રૂપિયાની લેતી-દેતીમાં ફાયરિંગની ઘટના બની છે. આ ફાયરિંગમાં એક યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસે ફાયરિંગ કરનારની અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે અમદાવાદના સરખેજના મહમદપુરા રોડ પર ગુરૂવારે સેવન ઈલેવન કાફેની બહાર બે યુવકો વચ્ચે ૩૦ લાખ રૂપિયાની લેતી-દેતીના મામલે બોલાચાલી થઈ હતી. જોકે, બાદમાં નિલેશ ખંભાયતા નામના યુવકે આવેશમાં આવીને અન્ય યુવક પર ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં હરપાલસિંહ જાદવને ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બીજી તરફ સરખેજ પોલીસે હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ફાયરિંગ કરનાર નિલેશની અટકાયત કરવામાં આવી છે.

# મધુ શ્રીવાસ્તવે અપક્ષમાંથી ફોર્મ ભર્યું

## વાઘોડિયા બેઠક પર ત્રિપાંખિયો જંગ જામશે

અમદાવાદ,

ગુજરાતમાં લોકસભા ચૂંટણીની સાથે પાંચ બેઠકો પર પેટાચૂંટણી પણ યોજાવાની છે. ત્યારે વાઘોડિયા બેઠક પર ભાજપના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે પણ ઝંપલાવ્યું છે. જેના પગલે વાઘોડિયા બેઠક પર ત્રિપાંખિયો જંગ જામશે.

વાઘોડિયા વિધાનસભાની પેટાચૂંટણી માટે આ જ બેઠકના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ૧૮ એપ્રિલે અપક્ષમાંથી ઉમેદવારી ફોર્મ ભર્યું



છે. મધુ શ્રીવાસ્તવે વડોદરાની ધીરજ ચોકડીથી પોતાના સમર્થકો સાથે સેવા સદન સુધી રેલી યોજી હતી. ત્યારબાદ તેમણે ફોર્મ ભર્યુ હતું. મધુ શ્રીવાસ્તવે ફોર્મ ભરતા સમયે જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સાથે તેમણે વર્તમાન ભાજપના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા પર આરોપ લગાવ્યા હતા.

# કચ્છની ધરા ધણધણી: નોંધાયો ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

ભુજ,

કચ્છમાં ફરી ધરતી ધ્રૂજી છે. આજે એટલે કે ગુરુવારે બપોરે ૧:૩૬ મિનિટે ખાવડામાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ૩.૭ની તીવ્રતાનો આંચકો નોંધાયો છે.ભૂકંપના આંચકાને કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. ભૂકંપનું કેન્દ્ર બિંદુ ખાવડાથી ૩૦ કીમી દૂર નોંધાયું છે.

આપને જણાવી દઈએ કે, ગઈકાલે પણ બપોરના સમયે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. પશ્ચિમ કચ્છના વિસ્તારમાં ૨.૮ની તીવ્રતાનો ભૂકંપના આંચકો નોંધાયો હતો.બપોરના ૨.૫૧ કલાકે આ ભૂકંપનો આંચકો નોંધાયો હતો.

કચ્છમાં મેન ફોલ્ટલાઈન વર્ષોથી સક્રિય છે અને ધરતીની બે પ્લેટ ટકરાતી હોવાથી અહીં ઘણીવાર ભૂકંપ અનુભવાતા રહે છે. વર્ષ ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ બાદ રાજ્યમાં ઘણીવાર આંચકા અનુભવાયા છે. ૨૦૨૨માં ૪થી વધુ તીવ્રતાનો માત્ર એક ભૂકંપ અને તે પણ સૌરાષ્ટ્રના તલાલા વિસ્તારમાં નોંધાયો હતો. ૨૦૨૩માં ગુજરાતમાં ૪.૦થી વધુ તીવ્રતાના ૪ ભૂકંપો આવ્યા છે, જે કચ્છના દુધઈમાં ૨, ખાવડા પંથકમાં ૧, ઉત્તર ગુજરાતના વાવ પાસે એક નોંધાયેલ છે. જયારે ૨૦૨૧માં ૪.૦ની તીવ્રતાના ૭ ભૂકંપો નોંધાયા હતા.

# ગુજરાતથી આગામી ૫ દિવસમાં યુપી-બિહાર માટે રવાના થશે પશ્ચિમ રેલવેની ચાર વિશેષ ટ્રેનો

અમદાવાદ,

ઉનાળાની રજાઓમાં મુસાફરોની સુવિધા માટે આગામી પાંચ દિવસમાં ગુજરાત, યુપી અને બિહારથી ચાર વિશેષ ટ્રેનો રવાના થશે. પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, આને ગુજરાતના અમદાવાદ, ગાંધીધામ અને સાબરમતી સ્ટેશનો પરથી ફ્લેગ ઓફ કરવામાં આવશે. તમામ ટ્રેનો દરેક બે ટ્રીપ કરશે. પશ્ચિમ રેલવેએ અમદાવાદ અને ગાંધીધામથી દાનાપુર વચ્ચે વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. એ જ રીતે રેલવેએ અમદાવાદ-પટના અને સાબરમતી-ગોરખપુર વચ્ચે વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. વેસ્ટર્ન રેલવે (વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ટ્રેન) અનુસાર મુસાફરોની માગને ધ્યાનમાં રાખીને અમદાવાદ-પટના અને સાબરમતી-ગોરખપુર વચ્ચે વિશેષ ભાડામાં સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૪૮૬ પટના-અમદાવાદ સ્પેશિયલ, શનિવાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ પટનાથી ૦૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૭:૧૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન તેની મુસાફરી દરમિયાન નડિયાદ, છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, દમોહ, કટની મુદ્વારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર અને અરાહ સ્ટેશનો પર રોકાશે.



આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસ કોચ હશે.ટ્રેન નંબર ૦૯૪૮૯/૦૯૪૯૦ સાબરમતી-ગોરખપુર-સાબરમતી સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૪૮૯ સાબરમતી-ગોરખપુર સ્પેશિયલ સાબરમતીથી શુક્રવાર, ૧૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ ૧૮:૧૦ કલાકે ઉપડશે.

# યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે બે વિદ્યાર્થી વચ્ચે તકરાર થતા હત્યા

વડોદરા,

વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં ગઈ રાત્રે બે મિત્રો વચ્ચે યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે સાધારણ બોલાચાલી થયા બાદ સગીર વયના વિદ્યાર્થીએ તેના મિત્રની હત્યા કરી હોવાનો બનાવ બનતા પોલીસે હત્યારાની અટકાયત કરી છે.

ગોત્રીના અયોધ્યા નગરમાં રહેતો દિશાંત રાજપુત નામનો ૧૯ વર્ષનો યુવક ગઈકાલે રાત્રે દિવાળીપુરા કોર્ટ સામે નિસર્ગ કોમ્પ્લેક્સ પાસે હતો તે દરમિયાન તેને મળવા આવેલા સગીર મિત્ર સાથે કોઈ કારણસર બોલાચાલી થઈ હતી.

પ્રાથમિક તબક્કે મળતી માહિતી મુજબ યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે સાધારણ બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ દિશાંત ઉપર સગીર મિત્રએ હુમલાનો પ્રયાસ કરતા દિશાંતે દોટ મૂકી હતી. તેની પાછળ સગીર મિત્ર દોડ્યો હતો. આ દ્રશ્ય કોઈએ નજરે પણ જોયું હતું.

થોડીવાર બાદ સગીર પરત ફર્યો હતો અને ચાલ્યો ગયો હતો. જ્યારે દિશાંતની છાતીમાં ઘા મારેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતા અકોટા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને હત્યાના કેસ સંદર્ભે ગુનો નોંધવાની તજવીજ કરી હત્યાના આરોપસર સગીર મિત્રની અટકાયત કરી હતી.

# અરવલ્લી: હત્યાની બે ઘટનામાં એક પતિએ પત્નીને કુહાડીના ઘા માર્યા તો બીજાએ ગ્રાઈન્ડર મશીન વડે ગળુ કાપ્યું !

અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં પતિ દ્વારા પત્નીની હત્યા કરવાનો બીજો બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જેમાં મેઘરજ તાલુકાના મોટી ભુવાલ ગામે પતિએ કુહાડીના આડેધડ ઘા ઝીંકીને પત્નીને રહેંસી નાંખી હતી. જે બાદ પતિએ પોતાના ગળામાં કુહાડી મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.આ અંગે મૃતકના પુત્ર લક્ષ્મણ ડામોરે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ભુવાલ ગામે તે પોતાના પિતા નાનાભાઈ અને માતા મોંઘીબેન સાથે રહે છે.

રાતે તે પોતાની સાસરીમાં ગયો, ત્યારે ઘરે માતા-પિતા એકલા જ હતા. સવારે તે જ્યારે સાસરીમાંથી ઘરે આવ્યો, ત્યારે તેણે માતા મોંઘીબેનને લોહીના ખાબોચિયામાં મૃત અવસ્થામાં જોતા ચક્કર ખાઈ ગયો હતો. જ્યારે તેમની બાજુમાં કુહાડી પડી હતી. જ્યારે ઘરના બહારના ભાગમાં પિતાના ગળામાંથી પણ લોહી નીકળતુ હોય તે જીવિત હતા. આથી લક્??મણ ડામોરે મેઘરજ પોલીસને જાણ કરતાં મેઘરજ પોલીસ, અરવલ્લી LCB, SOG સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.જેમણે સૌ પ્રથમ ઈજાગ્રસ્ત નાનાભાઈ ડામોરને સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યારે મોંઘીબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મેઘરજ CHC ખસેડ્યો હતો.પ્રાથમિક તપાસમાં નાનાભાઈએ કુહાડીના આડેધડ ઘા ઝીંકીને મોંઘીબેનની હત્યા કર્યા બાદ પોતે પણ ગળામાં કુહાડીનો ફટકો મારીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. જો કે નાનાભાઈએ ક્યા કારણોસર આ પગલું ભર્યુ તે હજુ સુધી જાણી શકાયું નથી. હાલ તો પોલીસે પુત્ર લક્??મણ ડામોરની ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય એક દિવસ અગાઉ પણ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના નવા ઉંટરડા ગામે આવો જ એક બનાવ સામે આવ્યો હતો. જેમાં એક આધેડે ગ્રાઈન્ડર મશીન વડે પત્નીનું ગળું કાપી હત્યા કર્યા બાદ પોતે પણ ફાંસો ખાઈને જીવાદોરી ટૂંકાવી હતી.

# ગેનીબેન ઠાકોરે સાત સુધારા સાથે નવું ફોર્મ જમા કરાવ્યુ

## ભાજપ-કોંગ્રેસ બન્ને ઉમેદવારોના ફોર્મમાં ભૂલો સામે આવી

સુરેન્દ્રનગર,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ગુજરાતમાં ઉમેદવારી ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ છે. બનાસકાંઠામાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. આ દરમિયાન બન્ને ઉમેદવારોના ફોર્મમાં કેટલીક ભૂલો સામે આવી છે. ભાજપ-કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ રદ કરવા માટે અરજી કરવામાં આવી છે.

ભાજપના ઉમેદવાર ડૉક્ટર રેખાબેન ચૌધરીના પ્રથમ ફોર્મમાં ભૂલ



સામે આવી છે. ભાજપના ઉમેદવારના ફોર્મમાં BSC અને MSC વચ્ચે બે વર્ષના અંતરમાં ભૂલ હતી. ભૂલ જણાતા જ ઉમેદવાર ડૉક્ટર રેખાબેન ચૌધરીએ પ્રથમ ફોર્મ રદ કરવા અરજી આપી બીજું ફોર્મ રજૂ કર્યું હતું.ભાજપ ઉમેદવારે નવા ફોર્મમાં BSC 1999, MSC ૨૦૦૧ અને PhD 2022માં કરી હોવાના ત્રણ સુધારા કર્યા હતા. બીજી તરફ બનાસકાંઠાના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે પણ નવા ફોર્મમાં કુલ સાત સુધારા કર્યા હતા. કોંગ્રેસ ઉમેદવારે પણ ફોર્મમાં મિલકતની વર્તમાન કિંમત સાથે ફોર્મ જમા કરાવ્યું હતું.

## શહેરના કુંભારવાડામાં લોકસભાની ચૂંટણી સંદર્ભે ફુટ પેટ્રોલીંગ હાથ ધરતી પોલીસ



તસવીર : મૌલીક સોની

આગામી સમયમાં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તેમજ લોકો શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાન કરી શકે, મતદારોમાં ભય ઊભો ન થાય તેમજ હાલ જે પ્રમાણે પુરુષોત્તમ રૂપાલાની વિવાદિત ટીપ્પણીને લઈને ક્ષત્રિય સમાજમાં જે રોષ જોવા મળી રહ્યો છે તેને લઈ શહેરમાં પરિસ્થિતિ શાંતિપૂર્ણ જળવાઈ રહે તે માટે ભાવનગર પોલીસ દ્વારા કુંભારવાડા વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું હતું જેમાં પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતાં.

## ધો.૧૦-૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે કાલે કારકિર્દી સેમિનાર યોજાશે

### રેડક્રોસ સોસાયટી અને વિકાસવર્તુળ ટ્રસ્ટ દ્વારા આયોજન : તજજ્ઞો દ્વારા દરેક મુંઝવતા પ્રશ્નનો અપાશે જવાબ

ભાવનગર, તા.૧૯

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર અને વિકાસવર્તુળ ટ્રસ્ટના સહકારથી ધો.૧૦ અને ૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે તા.૨૦ને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે રેડક્રોસ સોસાયટી, દિવાનપરા રોડ, ભાવનગર ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે જેમાં અનુભવી તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ધો ૧૦ અને ૧૨ પછી તથા કોલેજ કરતા સમયે અને પછી પણ કેવા અભ્યાસક્રમમાં જોડાઈ શકાય તે વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે અને દરેકના મુંઝવતા પ્રશ્નોના જવાબો અને માર્ગદર્શન પણ આપવામા આવશે.

દરેક વિદ્યાર્થી ભાઈઓ બહેનો અને તેના વાલીઓને જોડાવા અનુરોધ કરવામાં આવે છે વાલીઓ પણ પોતાના સંતાનોના ભવિષ્ય માટે બાળક સાથે ઉપસ્થિત રહીને યોગ્ય માર્ગદર્શન મેળવે તે હેતુ છે. સેમિનારમાં ભાગ લેનારને ધો ૧૦ અને ૧૨ પછીનું કારકિર્દી માર્ગદર્શક પુસ્તક રાહતદરે આપવામા આવશે. દરેકને સમયસર ઉપસ્થિત રહેવા રેડક્રોસ અને વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગરમીથી છુટકારો મેળવવા નદીમાં ન્હાવા પડતા બે સગા ભાઈઓના નિપજયા મોત

### તળાજાના ઉંચડી ગામે સગા બે ભાઈના ડૂબી જતા મોત : ગામના પાંચ બાળકો નાવલી નદીમાં ન્હાવા પડ્યા હતા ત્યારે સર્જાઈ કરૂણાંતીકા

ભાવનગર, તા.૧૯

ઉનાળો આકરો તાપ વરસાવી રહ્યો છે ત્યારે ગરમીથી છુટકારો મેળવવા તળાજાના ઉચડી ગામના પાંચ બાળ વિદ્યાર્થીઓ નાવલી નદીમાં ન્હાવા પડ્યા હતા જેમાં સગા બે ભાઈના ડુબી જવાથી મોત નિપજતા અરેરાટી સાથે આઘાતની લાગણી પ્રસરી ગઈ હતી. આ બનાવથી સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો હતો.

તળાજાના ઉંચડી ગામે રહેતા અશોકભાઈ મોહનભાઈ ભેડાના બે પુત્ર દર્શન (ઉ.વ.૧૩) અને દક્ષ (ઉ.વ.૧૧) ગુરૂવારે બપોરના સમયે તેમના જ ગામના મિત્રો યુવરાજ, દર્શક અને પાર્થ સાથે ગામની સીમમાં આવેલી નાવલી નદીમાં નહાવા પડ્યા હતા. બન્ને સગા ભાઈ તેમના ત્રણ મિત્રોની નજર સામે જ નદીના પાણીમાં ડૂબવા લાગ્યા હતા. જે અંગેની જાણ બાળકોએ નજીકની વાડીના લોકોને કરતા સેવાભાવીઓએ દોડી આવી પાણીમાં છલાંગ મારી પાણીમાં ડૂબેલા બન્ને ભાઈને બચાવવાના પ્રયાસ કર્યા હતા. પરંતુ મદદ મળે તે પહેલા બન્ને ભાઈ જીવ ગુમાવી ચુક્યા હતાં. તળાજાની રેફરલ હોસ્પિટલ લઈ જવામાં આવતા દર્શન અને દક્ષને તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવની જાણ થતાં રાજકીય આગેવાનોએ દોડી જઈ હતભાગી પરિવારને સાંત્વના આપી હતી.

સગા બે ભાઈઓના મોતના આ બનાવે સમગ્ર ગામને શોકમગ્ન કરી દીધું હતું. વધુમાં મૃતક દર્શન ધો.૮ અને દક્ષ ધો.૬માં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો હતો. અશોકભાઈ ભેડા આરી ભરતનું કામ કરે છે. જ્યારે તેમના પત્ની ખેત મજૂરી કરી જીવન વ્યતિત કરે છે. આ પરિવારના અન્ય સભ્યો સુરત સ્થાઈ છે.

## નડિયાદ અકસ્માતમાં માર્યા ગયેલાઓને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

ભાવનગર, તા.૧૯

નડિયાદ નજીક અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર એક અત્યંત દુઃખદ અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વડોદરાથી અમદાવાદ જઈ રહેલી અરટીગા કાર કે જેમાં ૧૦ લોકો સવાર હતા તે એક બંધ પડેલા ટ્રક સાથે અથડાતા ૧૦ લોકોના કમ કમાટી ભર્યા મૃત્યુની નીપજ્યાં હતા. અમદાવાદ વડોદરા તથા અન્ય સ્થળોના યાત્રિકો આ કારમાં મુસાફરી કરી રહ્યા હતા. પૂ.મોરારીબાપુએ આ તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૫૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. પૂ.મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે. અમદાવાદ અને વડોદરા સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા આ રાશિ પહોંચાડવામાં આવશે.

## હીટવેવ માત્ર માનવજાત નહીં પશુધન માટે પણ ખતરો

ભાવનગર, તા.૧૯

ગુજરાતમાં તાપમાન વધુ રહેવાની શક્યતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પોતાની આસપાસ વસતાં પશુપક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ કરવા માટે કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. ખેડૂતોએ ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરવું જોઈએ. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટવેવ કે ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિકલરથી સિંચાઈ કરો.

પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકો, અથવા સફેદ રંગથી રંગો. પશુ

**પશુઓને છાયડામાં રાખવા તેમજ શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપવું, સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લેવું**

રહેઠાણમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો, વધુ ગરમી હોય તેવા સંજોગોમાં પશુઓ ઉપર પાણીનો છંટકાવ કરો અથવા પશુઓને પૂરતું પાણી મળી રહે તેની વ્યવસ્થા કરો. આહારમાં પશુઓને લીલો ચારો વધુ માત્રામાં આપો. પૌષ્ટિક, સુપાચ્ય અને સંતુલિત આહાર આપો. પશુ આહારમાં ખનીજદ્રવ્ય (મિનરલ મિક્ચર)નો સમાવેશ કરો. સવાર અને સાંજના સમયે જયારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરવા સહિતના પગલા સુચવાયા છે.

## ભાવનગર રેલવે ડિવિઝનના સાત કર્મીઓ શ્રેષ્ઠ કામગીરી બદલ ડીઆરએમ એવોર્ડથી સન્માનિત

### સતર્કતા અને સજાગતા સાથે કામ કરનાર કર્મચારીઓનું કરાયું સન્માન

ભાવનગર, તા.૧૯

ભાવનગર ડિવિઝનના ૭ કર્મચારીઓને રેલવેની કાર્ય પ્રણાલીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ડીઆરએમ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના ડીઆરએમ રવીશ કુમારે તેઓને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી પ્રમાણપત્ર આપીને તેમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સીનીયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર સી.આર. ગરુડા અને વરિષ્ઠ કાર્મિક અધિકારી અમરસિંહ સાગર ઉપસ્થિત રહ્યા હતા. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં સુનિલ યાદવ (ટી.એમ. ગુડ્ઝ-બોટાદ), જયેશ ડી. (પી. મેન-ઢસા), અક્ષય કુમાર (પોઈન્ટ્સ મેન-જાલિયા), સીતારામ બૈરવા (ટ્રેન મેનેજર-બોટાદ), સંદીપ



કુમાર (ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ-ગાધકડા), સુરેશ ડી. મત્રાનિયા (કાંટેવાલા-ગેટમેન-જેતલસર) અને ઘનશ્યામ સી. (કાંટેવાલા-લાઠીદડ)નો સમાવેશ થાય છે.સતર્કતા અને સજાગતા સાથે કામ કરીને, ઉપરોક્ત રેલ્વે કર્મચારીઓએ સંભવિત રેલ્વે અકસ્માતો અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જેમાં સતત સ્પાર્કિંગ અને લટકતા ભાગોને નોટિસ કરવા જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે.

## ઉંચડીના સરપંચના પુત્રને કાર તળે કચડવાનો પ્રયાસ કરનાર ઝડપાયો

### બનાવના સીસીટીવી ફૂટેજ પોલીસને સોંપાયા

ભાવનગર, તા.૧૯

તળાજા પંથકના ઉંચડી ગામના સરપંચ પુત્ર ઉપર પવનચક્કીના કાગળો આપવાની સતત ધમકી આપ્યા બાદ કાર ચડાવી દઈ મારી નાંખવાના પ્રયાસની ઘટનામાં પોલીસે એક શખ્સની ધરપકડ કરી હતી. જ્યારે ગુનામાં વપરાયેલ કારને કબ્જે લેવા પોલીસે તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવ અંગે ઉપલબ્ધ વિગતો અનુસાર તળાજા તાલુકાના ઉંચડી ગામના સરપંચ લક્ષ્મણભાઈ ખેરના ૪૦ વર્ષીય પુત્ર જગદીશભાઈને તળાજામાં રહેતો ગણપત, શ્યામ બાલાભાઈ અને સુરા પાતાભાઈ નામના શખ્સોએ ફોન કરી કે.પી. કંપની સોલાર અને રિન્યુ ગ્રીન પાવર પવનચક્કીના કાગળો આપી દેવાનું કહીં ગાળો દઈ બીલના અટકેલા રૂપિયા તારી પાસેથી વસૂલવામાં આવશે તેમ કહીં જાનથી મારી નંખવા ધમકી આપી હતી.

બાદમાં ગત તા.૧૪-૪ની રાત્રિએ શ્યામ નામના શખ્સે કાર લઈ આવી જગદીશભાઈ રોડ ઉપર ઉભા હતા. ત્યારે તેમના ઉપર કાચ ચડાવી કચડી નાંખવા પ્રયાસ કર્યો હતો. તેમજ સુરા નામના શખ્સે ફોનમાં ધમકી આપતા સરપંચ પુત્રે ત્રણેય શખ્સ વિરૂધ્ધ દાઠા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે શ્યામ નામના શખ્સની ધરપકડ કરી છે. જયારે કાર કબજે કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે. વધુમાં જગદીશભાઈ ખેરએ બનાવ સમયના સીસીટીવી ફૂટેજ તેમજ કોલ રેકોર્ડિંગ પોલીસને સોંપ્યા હતા.

## લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરનાર શખ્સ ઝબ્બે

**ભાવનગર, અમદાવાદ, રાજકોટ સહિતના શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હોવાની નોંધાઈ હતી ફરિયાદ**

ભાવનગર, તા.૧૯

ભાવનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી એક યુવતીને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજાર્યાની પોલીસ ફરિયાદ બાદ આ શખ્સને ઝડપી લેવાયો છે. આ યુવતીએ આ શખ્સ ઉપરાંત તેમના માતા-પિતા સામે પણ આક્ષેપ કરી ફરિયાદ નોંધાવતા ગુનો નોંધાયો હતો જેમાં શખ્સના માતા-પિતાને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

બનાવની મળતી વિગત અનુસાર બોટાદમાં રહેતો મુળ નવસારીનો જય દિનકરભાઈ ગવલી ભાવનગરમાં સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી એક ૩૦ વર્ષીય યુવતી સાથે પરીચય કેળવી પ્રેમસબંધ બાંધી તેણીને લગ્નની લાલચ આપ્યા બાદ વર્ષ ૨૦૨૨થી આજદિન સુધીમાં ભાવનગર ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર સહિતના શહેરોમાં પરીક્ષા આપવા માટે લઈ જઈ હોટેલોમાં તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી બિભસ્ત ફોટા મેળવી લીધા હતા. શખ્સની કાળી કરતૂતમાં તેના માતા નિરૂબેન ગવલી અને પિતા દિનકર ગવલીએ પણ મદદગારી કરી હોવાનો યુવતીએ આક્ષેપ કરી જે બનાવ અંગે અપરિણીત યુવતીએ સ્થાનિક ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય વિરૂધ્ધ ગુનો નોંધી જય ગવલીની ધરપકડ કરી હતી.

## ખરકડીના ૮ કિ.મી.ના વિસ્તારમાં પશુની કતલ કરવા પર પ્રતિબંધ

**લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તે માટે ખાસ તાકીદ : ખરકડી ગામે બાલમશા પીરની દરગાહ ખાતે રમઝાન ઈદ પછી ઉર્ષનાં મેળા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ**

ભાવનગર, તા.૧૯

ભાવનગર જિલ્લાનાં ઘોઘા તાલુકાનાં ખરકડી ગામે બાલમશા પીરની દરગાહ ખાતે દર વર્ષે રમઝાન ઈદ પછી ઉર્ષનો મેળો ભરાય છે. આ વર્ષે પણ તા. ૧૯ થી તા. ૨૧ સુધી ખરકડી મુકામે ઉર્ષ ઉજવવામાં આવનાર છે. જેમાં આજુબાજુનાં ગામડાઓ તેમજ બીજા જિલ્લાઓમાંથી પણ હિન્દુ મુસ્લીમ સમાજનાં માણસો મોટા પ્રમાણમાં એકઠા થનાર છે.

ઉર્ષનાં દિવસો દરમ્યાન લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખરકડી ગામ તથા તેની આજુબાજુનાં આઠ કી.મી.નાં વિસ્તારમાં કોઈપણ જાહેર કે ખાનગી જગ્યામાં પશુની કતલ ન થાય તેમજ રસ્તા પરથી પસાર થતા લોકોને ધૃણા ઉત્પન્ન થાય તેવી રીતે કોઈપણ જાનવરનું મડદું સાફ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષક, ભાવનગરનાં દ્વારા દરખાસ્ત રજુ થયેલ છે. આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર દ્વારા મળેલ સત્તાની રૂઈએ ઘોઘા તાલુકાનાં ખરકડી ગામ અને તેની આજુબાજુના ૦૮ કી.મી. વિસ્તારમાં કોઈએ જાહેર કે ખાનગી માલિકીની જગ્યામાં પશુની કતલ કરવી નહીં તેમજ રસ્તા પરથી પસાર થતા લોકોને ધૃણા ઉત્પન્ન થાય તેવી રીતે કોઈપણ જાનવરનું મડદું, ચામડુ સાફ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. સદરહું જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવો અને કોઈપણ દ્વારા આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને -૧૮૬૦ ના ૪૫માં અધિનિયમની કલમ -૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

## અધ્યાત્મ નગરીમાં ૩૫ જૈન દીક્ષાના ઐતિહાસિક મહોત્સવ માટે ૪૦૦થી વધુ સાધુ-સાધ્વીજીનો પ્રવેશ



### અધ્યાત્મ નગરીમાં આશરે ૯૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ભવ્ય સભા મંડપની રચના

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરના સદીઓના ઈતિહાસમાં પહેલી વખત યોજાઈ રહેલા ૩૫ દીક્ષાના મહોત્સવ માટે પધારેલા ૧૫ આચાર્ય ભગવંતો, સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતો ઉપરાંત ૩૫ મુમુક્ષુઓ અને તેમના પરિવારજનો આજે ભવ્ય સામૈયા સાથે રિવર ફ્રન્ટ ઉપર બનેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં પ્રવેશ્યા હતા.તેમની શોભાયાત્રા સુવિધા ચાર રસ્તાથી શરૂ થઈને પ્રીતમ નગર અખાડા થઈને સાબરમતી રિવર ફ્રન્ટ પહોંચી ત્યારે ૧૨ ગજરાજ ઉપર બિરાજેલા મુમુક્ષુઓ પણ અધ્યાત્મ નગરીમાં પ્રવેશ્યા હતા. રિવર ફ્રન્ટ ઉપર ભવ્ય અધ્યાત્મ નગરી તૈયાર કરવા માટે આશરે ૧,૦૦૦થી વધુ કારીગરો અને મજૂરો દિવસરાત કામ કરી રહ્યા હતા.અધ્યાત્મ નગરીમાં આશરે ૧૦,૦૦૦ ચોરસ ફૂટના ભવ્ય મહેલ જેવા જિનમંદિરમાં ૨૩માં તીર્થંકર શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની નયનરમ્ય મૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે.

અધ્યાત્મ નગરીમાં આશરે ૯૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ભવ્ય સભા મંડપની રચના કરવામાં આવી છે, જેમાં આશરે ૨૫,૦૦૦ શ્રધ્ધાળુઓ બેસીને દીક્ષાનો મહોત્સવ માણી શકશે. અધ્યાત્મ નગરીમાં આશરે ૩,૦૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ભોજન કક્ષની રચના કરવામાં આવી છે, જેમાં એક પંગતમાં બેસીને ૩,૨૦૦ ભાવિકો ભોજન કરી શકાશે.અધ્યાત્મ નગરીમાં પહેલી વખત નર્કની આબેહૂબ રચના કરવામાં આવી છે, જેમાં પરમાધામી દેવો નર્કના જીવોને કેવી યાતના આપે છે, તેના જીવંત દ્દશ્યો જોવા મળશે.

અધ્યાત્મ નગરીમાં એક ભવ્ય થિયેટર બનાવવામાં આવ્યું છે, જેમાં જૈન શાસનની શૌર્ય ગાથાઓ લઘુ નાટીકાના સ્વરૂપમાં દર્શાવવામાં આવશે.અધ્યાત્મ નગરીમાં એક પુસ્તકની પરબ ખોલવામાં આવી છે, જેમાં જૈન ધર્મનું તત્વજ્ઞાન પીરસતા પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે.

## મીટર રીડરને માર મારવાનાં કેસમાં આરોપીને એક વર્ષની કેદ અને દંડ

### ત્રણ વર્ષ પહેલાં ધોળામા મીટર રીડરને મરજી મુજબનું બીલ બનાવી આપવા માટે દબાણ કરી માર મારી ફરજમાં રૂકાવટ કરતા કેસ દાખલ થયેલ

ભાવનગર, તા.૧૯

ધોળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની સબ ડીવીઝનના ખાતે ફરજ બજાવતા મીટર રીડર કર્મચારીને મરજી મુજબનું બીલ બનાવી આપવા માટે દબાણ કરી માર મારવાના કેસમાં ત્રણ આરોપીઓ સામે ગુન્હો દાખલ કરેલ જેમાંથી એક આરોપીને સજા અને દંડ ફટકારતો હુકમ ઉમરાળા અદાલતના જજ દ્વારા આપવામાં આવેલ છે.

મળતી માહિતી મુજબ તારીખ ૫/૮/૨૦૧૭નાં રોજ આ કામના ફરીયાદી જલ્પેશભાઇ મોતીભાઇ સીંધવ રહે,ધોળા,તા.ઉમરાળાએ ઉમરાળા પાલીસ સ્ટેશનમાં આરોપીઓ વિપુલભાઇ ગેમાભાઇ કોતર, બાલકુભાઇ રાજાભાઇ કોતર અને બાલાભાઇ ઉર્ફે લઘરભાઇ દેવાભાઇ કોતર વિરૂધ્ધ એવા મતલબની પોલીસ ફરીયાદ નોંધાવી હતી કે, આરોપી વિપુલભાઇ કોતરની ધોળા ગામે



સહજાનંદ પ્રોવીઝન સ્ટોર નામની દુકાનમાં લાઈટ બીલ બનાવવા માટે ગયા ત્યારે આરોપી વિપુલભાઇએ ફરીયાદીને મીટર રીડીંગ બાબતે પોતાની મરજી અનુસારનું બીલ બનાવી આપવા માટે તકરાર કરી, ફરીયાદીને કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી, ફરીયાદીને ભુંડાબોલી ગાળો આપી,દુકાનમાં રાખેલ લાકડી વડે વાંસાના ભાગે તેમજ ડાબા પગે માર મારી ગાળો આપી ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, જાહેરમાં હથીયાર ધારણ કરી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યા સબબની પોલીસ ફરીયાદ નોંધાવેલ હતી.

આ ફરીયાદ અનુસંધાને ફોજદારી કેસ ઉમરાળાના જયુડીશ્યલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ ડી.જી.વાઘેલાની કોર્ટમાં ચાલી જતાં ફરીયાદીની જુબાની અને સાહેદોના નિવેદન તેમજ લેખીત મૌખીક પુરવા સાથે સરકારી વકીલ ડી.એસ. મકવાણાની દલીલને ગ્રાહ્ય રાખતા આરોપી વિપુલભાઇ ગેમાભાઇ કોતરને આઇ.પી.સી. કલમ.૩૨૩મા એક વર્ષની કેદ અને રૂ.૧ હજારનો દંડ અને કલમ-૫૦૪માં ૬ માસની કેદ અને રૂ.૫૦૦ નો દંડ ફટકારતી સજા ફરમાવી હતી. જયારે આરોપી બાલકુભાઇ રાજાભાઇ કોતર અને બાલાભાઇ ઉર્ફે લઘરભાઇ દેવાભાઇ કોતરને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## મજૂરોની આર્થિક સ્થિતિમાં ખાસ સુધારો થતો નથી

ભારતનું અર્થતંત્ર ઝડપથી રહ્યું છે મેક ઇન ઇન્ડિયાના કોન્સેપ્ટ દ્વારા ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વધી રહ્યું છે પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં કામ કરતાં કામદારોની સ્થિતિમાં જાજો સુધારો થતો નથી. આ દેશમાં ૭૦% મજૂરો એવી રીતે કામ કરે છે કે જેને મજૂરોના લાભદાયક કાયદાઓ લાગુ પાડવામાં આવતા નથી તેને ઓછું વેતન મળે છે


કામદારોની વિશાળ બહુમતીને મજૂર કાયદાઓનું કોઈ ખાસ લાભ મળતો નથી તેથી મજૂર કાયદાનો અમલ મુલતવી રાખતા ત્રણ રાજ્યોના વટ હુકમ સામે કામદાર સંઘનો પ્રબળ વિરોધ થયો નહીં

લોક ડાઉન વખતે સ્થળાંતરિત મજૂરોનો પ્રશ્ન ઊભો થયો ત્યારે કેટલા તજજ્ઞોને યાદ આવ્યું હતું કે દેશમાં સ્થળાંતરિત કામદારોને સ્પર્શતો એક કાયદો પણ છે. વધારે અગત્યની હકીકત એ છે કે દેશમાં વેતન મેળવતા કામદારોના ૭૦ ટકા કાનૂની કરાર વગર જ નોકરી કરી રહ્યા છે. મતલબ કે તેઓ મજૂરકાયદાઓનો લાભ લઈ શકે તેમ નથી. તેમના માટે મજૂરકાયદાઓ પોથીમાંનાં રીંગણ છે

કામદારોની વિશાળ બહુમતીને મજૂરકાયદાઓનો કોઈ લાભ મળતો જ નથી. તેથી મજૂરકાયદાનો અમલ મુલત્વી રાખતાં ત્રણ રાજ્યોના વટહુકમો સામે કામદાર સંઘોનો પ્રબળ વિરોધ થયો નહિ.

માલિકો કામદારોને એમની મરજી પ્રમાણે છૂટા કરી શકતા નથી તે મજૂરકાયદાની એક જોગવાઈ બજારવાદી અર્થશાસ્ત્રીઓને વાંધાજનક લાગી છે. આ જોગવાઈ મજૂરસંખ્યાની દૃષ્ટિએ મોટા એકમોને લાગુ પડતી હોઈ દેશમાં ઉદ્યોગપતિઓ મોટા ઔદ્યોગિક એકમો સ્થાપવાથી દૂર રહે છે, એવી તેમની દલીલ છે. તેથી દેશના ઔદ્યોગિક માળખામાં નાના ઔદ્યોગિક એકમોનું પ્રાચુર્ય છે. ભારત દુનિયાના નિકાસબજારનો લાભ થઈ શકતું નથી, તેના મૂળમાં ભારતનું આ ઔદ્યોગિક માળખું છે. નાના પાયા પર ઉત્પાદન કરતા એકમોની કાર્યક્ષમતા, મોટા પાયા પર ઉત્પાદન કરતા એકમોની તુલનામાં ઓછી હોવાથી તેઓ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ટકી શકતા નથી. ભારતે જો વિવિધ ઔદ્યોગિક ચીજોના વિશ્વબજારનો લાભ લઈને ઝડપી ઔદ્યોગિક વિકાસ કરવો હોય તો તેણે મોટા ઔદ્યોગિક એકમોને ઉત્તેજન આપવું જોઈએ. એ દૃષ્ટિએ મજૂરકાયદાની જે જોગવાઈઓ મોટા એકમો માટે પ્રતિકૂળ હોય તે દૂર કરવી જોઈએ.

ભારતમાં મોટા ઔદ્યોગિક એકમોના વિસ્તરણ સામેનો મુખ્ય અવરોધ મજૂરકાયદાઓમાં રહેલો છે. આ દલીલને તપાસવાની જરૂર છે. ભારતમાં નાના પાયાના ઉત્પાદન એકમોનું પ્રાચુર્ય દેશમાં નિયોજન-પ્રતિભા (ટેલેન્ટ)ની લાક્ષણિકતાનું દ્યોતક છે કે કેમ તે તપાસવાની જરૂર છે. આમાં આપણી સાંસ્કૃતિક પરંપરા કેટલે અંશે જવાબદાર છે તે પણ તપાસવાની જરૂર છે. આપણે ઈનોવેટિવ નિયોજકો અપવાદરૂપે મેળવી શક્યા છીએ. ચીનના નિયોજકો ભારતમાં પતંગ માટેની દોરી અને ગણપતિની મૂર્તિઓ માટેનું બજાર શોધી શકે, એવી શોધક પ્રતિભા આપણે પેદા કરી શક્યા નથી. આપણે ચીનની તુલનામાં બજારના માધ્યમનો ઉપયોગ કરીને ઘણું ઓછું હાંસલ કરી શક્યા છીએ તે અંગે ઉદ્યોગ સાહસિક કોઈએ તથા વ્યાપાર ઉદ્યોગની સંસ્થાઓએ વિચારવું જરૂરી છે દેશમાં ઔદ્યોગિક મૂડીરોકાણોને ઉત્તેજન આપવા માટે અને તેના એક ભાગરૂપે વિદેશી કંપનીઓને દેશમાં આકર્ષવા માટે મજૂરકાયદાઓ સુધારવા જરૂરી છે, એવી હિમાયત બજારવાદી અર્થશાસ્ત્રીઓ કરતા આવ્યા છે.



## ફ્રાઈડે ફોટો સ્ટોરી


-જયદીપ એન. ઠાકર

### શહેરી ભાગદોડ વચ્ચે શાંતિનું સરનામું રવેચીધામ

ભાવનગરના એરપોર્ટ રોડ ઉપર આવેલ ભક્તિ અને પ્રકૃતિના સમન્વય સમાન રળિયામણું સ્થળ રવેચીધામ પ્રાકૃતિક સૌંદર્યની નવી ઊર્જા સાથે શાંતિનું સરનામું બની રહે છે. અહીંના પક્ષી-જગતનું સાનિધ્ય શહેરી ભાગદોડને વિસરાવી દઈ પ્રાકૃતિક પ્રસન્નતાનો અહેસાસ કરાવે છે, શહેરના કોલાહલ વચ્ચે માનસપટ પર શાંત સ્પંદનો પ્રગટાવે છે. અહીં અનુભવેલી પક્ષીઓની ચહલ પહલ, મુક્ત સ્વૈરવિહાર લોકો માટે અનોખી સ્મરણ સંપદા બની રહે છે.

## ફેરનેસ ક્રિમને કારણે ભારતમાં કિડનીની સમસ્યાઓ વધી રહી છે !

### ક્રિમમાં પારાની વધુ માત્રા કિડનીના નુકસાન માટે જવાબદાર- સર્વેમાં ખુલાસો





ભારતીય લોકોને ગોરી ત્વચાનું વળગણ છે. લોકો ત્વચાને ચમકદાર બનાવવા માટે વિવિધ પ્રકારની ફેરનેસ ક્રિમનો ઉપયોગ કરે છે, તેથી ભારતમાં ત્વચાને ગોરી કરવા માટેનીફેરનેસ ક્રિમનું વિશાળ બજાર છે . જો કે, આ ક્રિમમાં પારાની વધુ માત્રા કિડનીના નુકસાન માટે જવાબદાર છે.

એક નવા અભ્યાસ મુજબ સ્કિન ફેરનેસ ક્રીમનો ઉપયોગ ભારતમાં કિડનીની સમસ્યાઓમાં વધારો કરી રહ્યો છે. મેડિકલ જર્નલ કિડની ઈન્ટરનેશનલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારે પારો ધરાવતી ફેરનેસ ક્રીમના વધુ પડતા ઉપયોગથી મેમ્બ્રેન નેફ્રોપથી (સ્દ્ધ) ના કેસ વધી રહ્યા છે, જે કિડનીની ગાળણ પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે અને પ્રોટીન લિકેજનું કારણ બને છે. મેમ્બ્રેન નેફ્રોપથી (સ્દ્ધ) એક કિડની ડિસઓર્ડર છે જે કિડનીની ગાળણ પ્રક્રિયાને પાયમાલ કરી નાખે છે, જેના કારણે શરીર પેશાબમાં ખૂબ પ્રોટીન ઉત્સર્જન કરે છે. સંશોધકોએ કહ્યું છે કે આવા ઉત્પાદનોના ઉપયોગના જોખમો વિશે જનજાગૃતિ ફેલાવવી અને આ જોખમને રોકવા માટે આરોગ્ય અધિકારીઓને ચેતવણી આપવી જરૂરી છે.

અભ્યાસમાં સંશોધકોએ જણાવ્યું હતું કેફેરનેસ ક્રિમ ભારતની બેરોકટોક બજારોમાં વ્યાપકપણે ઉપલબ્ધ છે. આ ક્રીમ તમને ઝડપથી ગોરા કરવાની ખાતરી આપે છે, પણ તમારે એની ભારે કિંમત ચૂકવવી પડે છે, કારણ કે એક વાર તમે આ ક્રીમના વ્યસની થઈ જાવ અને પછી તેનો ઉપયોગ બંધ કરવાથી ત્વચાનો રંગ વધુ ઘેરો બની શકે છે. ફેરનેસ ક્રીમમાં પારો હોય છે જે અત્યંત ઝેરી માનવામાં આવે છે. લિપસ્ટિકમાં પણ ક્રોમિયમ હોય છે, જે કાર્સિનોજેનિક છે.

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (ઝજીઈ)ની પોલ્યુશન મોનિટરિંગ લેબ (સ્ન) એ જણાવ્યું હતું કે ભારતમાં કોસ્મેટિક્સમાં પારાના ઉપયોગ પર પ્રતિબંધ છે. છતાં પણ પરીક્ષણ કરાયેલ ૪૪ ટકા ફેરનેસ ક્રિમમાં પારો જોવા મળ્યો હતો. લિપસ્ટિકના ૫૦ ટકા સેમ્પલમાં ક્રોમિયમ અને ૪૩ ટકામાં નિકલ મળી આવ્યું હતું. સંશોધકોએ જણાવ્યું હતું કે લોકોને જોખમથી બચાવવા માટે આવા ફેરનેસ ક્રિમપર તાત્કાલિક પ્રતિબંધ મૂકવો જોઈએ.

## હવે AI તમારા મૃત્યુની આગાહી પણ કરશે?

### ડેનમાર્કના વૈજ્ઞાનિકો Life2Wake નામના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે

**વિશેષ**

છેલ્લાં કેટલાક સમયથી ટેક્નો વર્લ્ડમાં Artificial Intelligence (AI)ની બોલબાલા છે. AIના આવ્યા બાદ ઘણા બધા કામ સરળ થઈ ગયા છે. પરંતુ શું છૈં હવે તમારા મૃત્યુની ભવિષ્યવાણી પણ કરશે? દુનિયામાં જે પણ આવ્યું છે તેનું મૃત્યુ નિશ્ચિત છે પણ એ મૃત્યુ ક્યારે આવશે અને કઈ રીતે આવશે એની કોઈને જાણ નથી. પણ હાલમાં છૈંનો જમાનો છે અને આ જ ટેક્નોલોજીની મદદથી તમે તમારા મૃત્યુની તારીખ અને સમયની આગાહી કરી શકાશે.

સામાન્યપણે આપણે ભવિષ્ય જાણવા કે આપણા મૃત્યુ વિષેના સવાલોના જવાબ મેળવવા માટે જ્યોતિષિઓ પાસે જઈએ છીએ. પણ તેઓ પણ ક્યાંકને ક્યાંક ક્યારેક થાપ થાઈ જાય છે. આવી પરિસ્થિતિમાં હવે ડેનમાર્કના વૈજ્ઞાનિકો AI ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એ તમારું મૃત્યુ ક્યારે થશે એ અંગેની આગાહી કરશે. આ વૈજ્ઞાનિકો Life2vec નામના એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છ અને એમાં તેઓ ૭૫%ની એક્યુરસી સાથે સચોટ આગાહી કરી શકે છે કે કોઈ વ્યક્તિ ચાર વર્ષમાં મૃત્યુ પામશે કે કેમ?

તમારા મૃત્યુની આગાહી કરવા માટે આ AI મોડલ તમારી આવક, તમારું પ્રોફેશન શું છે, તમે ક્યાં રહો છો અને તમારા આરોગ્યની માહિતી જેવી બેઈઝિક ઈન્ફોર્મેશનનો ઉપયોગ કરે છે. આ માહિતીના આધારે તે એક અલ્ગોરિધમ બનાવે છે જે ૭૮ ટકા જેટલું સચોટ હોવાની અપેક્ષા વ્યક્ત કરાઈ રહી છે. આનો અર્થ એવો થયો કે હવ AI એટલું આગળ વધી ગયું છે કે જે તમારા મૃત્યુની આગાહી પણ કરી શકશે.

આ પ્રોજેક્ટ હેઠળ વૈજ્ઞાનિકો એ જાણવાનો કે બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે ટેકનોલોજી કેટલી અદ્ભૂત છે, પરંતુ એની સાથે સાથે તેનાથી ઊભા થતાં જોખમો વિશે ચેતવણી પણ વૈજ્ઞાનિકોએ ઉચ્ચારી હતી. આ પ્રોજેક્ટની મદદથી વૈજ્ઞાનિકો એ જાણવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે કે તેઓ કોઈ વ્યક્તિની હેલ્થ કે સોશિયલ લાઈફ સંબંધિત ઘટનાઓની આગાહી કરવા સક્ષમ છે કે નહીં.

# ગ્રીન હાઈડ્રોજનની બોલબાલા થશે




### હાઈડ્રોજન વાયુને કોઈ રંગ હોતો નથી આમ છતાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન થાય છે ! સાયન્સના કોઈપણ વિદ્યાર્થીને પૂછો તો કહેશે કે હાઈડ્રોજન વાયુને કોઈ રંગ હોતો નથી!

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

પેટ્રોલ ડીઝલનો જમાનો ખતમ થશે અને ગ્રીન હાઈડ્રોજન થી તમામ વાહનો ચાલે તે દિવસો હવે દૂર નથી હાઈડ્રોજન ને કોઈ રંગ નથી તે રંગ અને ગંધ વગરનો સૌથી હલકો વાયુ છે અને તે ધડાકા સાથે સળગે છે આમ છતાં તેનો વ્યાપક ઉપયોગ નજીકના ભવિષ્યમાં થવાનો જ છે

ગ્રીન હાઈડ્રોજન ને રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

રિન્યુએબલ હાઇડ્રોજન પણ કહેવાય છે, લીલો હાઇડ્રોજન પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા મેળવવામાં આવે છે. સૌથી નિર્ણાયક બાબત એ છે કે આ પ્રક્રિયા સંપૂર્ણપણે નવીનીકરણીય ઉર્જા દ્વારા સંચાલિત છે, તેથી તે વાતાવરણમાં કોઈ પ્રદૂષિત ઉત્સર્જન ઉત્પન્ન કરતી નથી અને તે સૌથી સ્વચ્છ અને ટકાઉ હાઇડ્રોજન છે.

એક્તરફ ભારતે વીતેલી સિઝનમાં પેટ્રોલમાં ૧૨ ટકા ઇથેનોલ વાપરવાનાં લક્ષ્યાંક્ને સિધ્ધ કર્યું છે ત્યાં જ હવે પાણીપતમાં ઇન્ડિયન ઓઇલ દ્વારા ૧૦ કેટીએ (૮૦ મેગા વોટ) ક્ષમતા ધરાવતો પ્લાન્ટ કાર્યરત થઈ રહ્યો હોવાથી દેશમાં એનર્જી સેક્ટરમાં ક્રાંતિ જોવા મળશે. ભારતમાં આ અત્યાર સુધીનું પ્રથમ સાહસ છે. જેના કારણે હવે મેઈક ઈન ઈન્ડિયા રેફ્રન્સ ફ્યુલનો યુગ શરૂ થશે. ગ્રીન હાઇડ્રોજનનાં ઉત્પાદનથી ભારતની કૂડતેલની આયાતમાં પણ ઘટાડો જોવા મળશે. સરકાર આ સિદ્ધીને આત્મનિર્ભર ભારતની દિશામાં હરણફાળ ગણે છે. ભારતની ઇન્ડિયન ઓઇલ કંપનીનાં સંશોધકોએ તૈયાર કરેલું આ ફ્યુલ આંતરરાષ્ટ્રિય માપદંડો ધરાવે છે. અને વિશ્વમાં અમુક દેશો જ આ પ્રકારનો ગ્રીન હાઈડ્રોજન બનાવી શકે છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે હાલમાં દેશની એનર્જી સુરક્ષા માટે બહુહેતુક વ્યૂહરચના અમલમાં મુકી છે. જેમાં ભારતને ૨૦૪૭ સુધીમાં એનર્જી ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનું લક્ષ્યાંક છે. આ વ્યુહરચનામાં એનજીના પુરવઠાના સ્ત્રોત બદલવા, સ્થાનિક સ્તરે એનર્જીનું ઉત્પાદન વધારવું, અનર્જીના નવા વિકલ્પો ઉભા કરવા તથા ગેસ, ગ્રીન હાઈડ્રોજન તથા ઈવી જેવા માધ્યમોથી દેશમાં પેટ્રોલ ખ્વત્ત અને ક્રૂડતેલનો વપરાશ ઘટાડવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં દિલ્હીમાં શરૂ કરાયેલી ગ્રીન હાઈડ્રોજન બસ સેવાનો ઉલ્લેખ

ગ્રીન હાઇડ્રોજનઃ એક વિકલ્પ જે ઉત્સર્જન ઘટાડે છે અને આપણા ગ્રહની સંભાળ રાખે છે

ગ્રહનું ડીકાર્બોનાઇઝિંગ એ ૨૦૫૦ માટે વિશ્વભરના દેશોએ નિર્ધારિત કરેલા ધ્યેયોમાંનું એક છે. આ હાંસલ કરવા માટે, હાઇડ્રોજન જેવા તત્વના ઉત્પાદનને ડીકાર્બોનાઇઝ કરવું, ગ્રીન હાઇડ્રોજનને જન્મ આપવો, તે ચાવીઓમાંની એક છે કારણ કે આ હાલમાં કરતાં વધુ માટે જવાબદાર છે. કુલ વૈશ્વિક ઝેર ઉત્સર્જનનો ૨%. આ કેવી રીતે પ્રાપ્ત થાય છે અને આગામી દાયકાઓમાં તેની શું અસર થશે તે શોધો.

એક્તરફ ભારતે વીતેલી સિઝનમાં પેટ્રોલમાં ૧૨ ટકા ઇથેનોલ વાપરવાનાં લક્ષ્યાંક્ને સિધ્ધ કર્યું છે ત્યાં જ હવે પાણીપતમાં ઇન્ડિયન ઓઇલ દ્વારા ૧૦ કેટીએ (૮૦ મેગા વોટ) ક્ષમતા ધરાવતો પ્લાન્ટ કાર્યરત થઈ રહ્યો હોવાથી દેશમાં એનર્જી સેક્ટરમાં ક્રાંતિ જોવા મળશે. ભારતમાં આ અત્યાર સુધીનું પ્રથમ સાહસ છે. જેના કારણે હવે મેઈક ઈન ઈન્ડિયા રેફ્રન્સ ફ્યુલનો યુગ શરૂ થશે. ગ્રીન હાઇડ્રોજનનાં ઉત્પાદનથી ભારતની કૂડતેલની આયાતમાં પણ ઘટાડો જોવા મળશે. સરકાર આ સિદ્ધીને આત્મનિર્ભર ભારતની દિશામાં હરણફાળ ગણે છે. ભારતની ઇન્ડિયન ઓઇલ કંપનીનાં સંશોધકોએ તૈયાર કરેલું આ ફ્યુલ આંતરરાષ્ટ્રિય માપદંડો ધરાવે છે. અને વિશ્વમાં અમુક દેશો જ આ પ્રકારનો ગ્રીન હાઈડ્રોજન બનાવી શકે છે.

કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે હાલમાં દેશની એનર્જી સુરક્ષા માટે બહુહેતુક વ્યૂહરચના અમલમાં મુકી છે. જેમાં ભારતને ૨૦૪૭ સુધીમાં એનર્જી ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનું લક્ષ્યાંક છે. આ વ્યુહરચનામાં એનજીના પુરવઠાના સ્ત્રોત બદલવા, સ્થાનિક સ્તરે એનર્જીનું ઉત્પાદન વધારવું, અનર્જીના નવા વિકલ્પો ઉભા કરવા તથા ગેસ, ગ્રીન હાઈડ્રોજન તથા ઈવી જેવા માધ્યમોથી દેશમાં પેટ્રોલ ખ્વત્ત અને ક્રૂડતેલનો વપરાશ ઘટાડવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં દિલ્હીમાં શરૂ કરાયેલી ગ્રીન હાઈડ્રોજન બસ સેવાનો ઉલ્લેખ આનો પુરાવો છે ટૂંકમાં હવે નજીકના ભવિષ્યમાં પેટ્રોલ ડીઝલનો વપરાશ ધીમે ધીમે ઘટતો જશે અને ગ્રીન હાઈડ્રોજન નો ઉપયોગ વધતો જશે આમ આપણો દેશ ઉર્જા ક્ષેત્રે આત્મ નિર્ભળ બનશે.

# ટી ૨૦ વર્લ્ડ કપમાં રોહિત-કોહલીની ઓપનિંગ, યશસ્વી-ગિલનું પત્તું કપાશે?



## દુબે-પરાગને લઈને પણ ચર્ચા થઈ હતી, શિવમ, રિયાન પણ વિવાદમાં

મુંબઇ

આઈપીએલ ૨૦૨૪ પછી, ટી ૨૦ વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએ વચ્ચે કો-હોસ્ટિંગમાં રમાશે. આ અંગે ચર્ચાઓનું બજાર ગરમ બની રહ્યું છે. હાલમાં જ એક અહેવાલ સામે આવ્યો હતો કે થોડા દિવસો પહેલા ભારતીય ટીમના મુખ્ય કોચ રાહુલ દ્રવિડ, મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને કેપ્ટન રોહિત શર્માએ ટી ૨૦ વર્લ્ડ કપ ટીમની પસંદગીને લઈને બેઠક કરી હતી. સંભવિત ટીમની પસંદગીની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ આ બેઠકને લગતા અહેવાલો પણ બહાર આવવા લાગ્યા છે. કેટલાક રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પસંદગીકારો રોહિત શર્માની સાથે વિરાટ કોહલીને પણ ઓપન કરવા પર વિચાર કરી રહ્યા છે.અહેવાલો અનુસાર, અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ કોહલીને ઓપનર તરીકે ટીમમાં સામેલ કરવા માંગે છે.

# મુંબઈ ઈન્ડિયન્સએ પંજાબ કિંગ્સને ૯ રનથી હરાવ્યું

## આશુતોષ શર્માની લડાયક ફિફ્ટી કામ ન આવી, બુમરાહ અને કોત્ઝીને ૩-૩ વિકેટ

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સએ ઈન્ડિયન પ્રીમિયર લીગ૨૦૨૪માં તેમની ત્રીજી જીત નોંધાવી છે. ટીમે વર્તમાન સિઝનની ૩૩મી મેચમાં પંજાબ કિંગ્સ ને ૯ રનથી હરાવ્યું હતું.


મુલ્લાનપુરમાં ગુરુવારે પંજાબે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબ કિંગ્સની ટીમ ૧૯.૧ ઓવરમાં ૧૮૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. સૂર્યકુમાર યાદવે ૫૩ બોલમાં ૭૮ રનની અડધી સદીની ઈનિંગ રમી હતી. રોહિત શર્માએ ૩૬ રન અને તિલક વર્માએ અણનમ ૩૪ રન બનાવ્યા હતા. હર્ષલ પટેલે ૩ જ્યારે કેપ્ટન સેમ કરને ૨ વિકેટ ઝડપી હતી. કાગીસો રબાડાને એક વિકેટ મળી હતી. PBKS તરફથી આશુતોષ શર્માએ ૨૮ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા જ્યારે શશાંક સિંહે ૨૫ બોલમાં ૪૧ રનનું યોગદાન આપ્યું હતું.

# ક્રિકેટમાં શ્રેયસને બેવડો ફટકો, BCCIએ તેના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો

મુંબઇ,

આઈપીએલ ૨૦૨૪માં ૩૧મી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં કોલકાતા નાઈટ રાઈઝર્સ ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં તેની ટીમ ૨૨૩ રન બનાવ્યા બાદ પણ હારી ગઈ હતી.કેકેઆરના કેપ્ટન શ્રેયસ અય્યર માટે આ હાર પચાવવી ખૂબ જ મુશ્કેલ હતી, આ દરમિયાન બીસીસીઆઈએ તેને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. જેના કારણે તેને બેવડું નુકસાન વેઠવું પડે છે.

કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી આ મેચ બાદ બીસીસીઆઈએ તેના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન શ્રેયસ અય્યરને મંગળવારે ઈડન ગાર્ડન્સ ખાતે રાજસ્થાન રોયલ્સ સામેની ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની મેચ દરમિયાન ધીમી ઓવર રેટ જાળવવા બદલ તેની ટીમને ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. ન્યૂનતમ ઓવર રેટના ગુનાઓ સંબંધિત આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવા બદલ અય્યરને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.




# પ્રતિક ગાંધી હંસલ મહેતાની સીરિઝ ગાંધીમાં મહાત્મા ગાંધીની ભૂમિકા નિભાવતો જોવા મળશે

મુંબઈ,

અનેક એવી ફિલ્મો હશે. જેમાં બોલિવુડનું રિયલ કપલ રીલ લાઈફમાં પતિ -પત્નીની ભુમિકામાં સાથે જોવા મળ્યા હોય અને આ ફિલ્મ હિટ પણ ગઈ હોય. ત્યારે ગુજરાતી સિનેમાનું એક કપલ એટલે પ્રતિક ગાંધી અને ભામિની ઓઝા બંન્ને સાથે વેબ સિરીઝમાં સાથે જોવા મળશે. અભિનેતા પ્રતિક ગાંધી હાલમાં ખુબ ચર્ચામાં છે. તેની ફિલ્મ દો ઔર દો પ્યાર રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં પ્રતિક ગાંધી બોલિવુડ અભિનેત્રી વિદ્યા બાલન સાથે જોવા મળશે. આ સિવાય પ્રતિક ગાંધી ટૂંક સમયમાં આવનારી હંસલ મહેતાની સીરિઝ ગાંધીમાં મહાત્મા ગાંધીની ભૂમિકા નિભાવતો જોવા મળશે. સીરિઝ "ગાંધી"માં વધુ એક ખાસ વાત છે પ્રતિક ગાંધી આ સિરીઝમાં તેમની પત્ની ભામિની ઓઝાની સાથે પહેલી વખત 'ગાંધી'માં સ્ક્રીન શેર કરશે. પ્રતિક ગાંધી અને ભામિની ઓઝા રિયલ લાઈફમાં પતિ - પત્ની છે. હંસલ મહેતાની સીરિઝ 'ગાંધી'માં ભામિની કસ્તુરબાની ભુમિકામાં જોવા મળશે. ભામિનીએ આ વિષય પર વાત કરતા કહ્યું કે, મારા માટે આ કોઈ સપનાથી ઓછું નથી. મારું સપનું સાચું થઈ રહ્યું છે. હું અને પ્રતિક એક સાથે એક સીરિઝમાં અને એ પણ પતિ-પત્નીની ભૂમિકા નિભાવશું. તમને જણાવી દઈએ કે, પ્રતિક ગાંધી એક ગુજરાતી અભિનેતા છે પરંતુ તેમણે ખુબ ઓછા સમયમાં બોલિવુડમાં મોટું નામ કમાયું છે. જીષ્ટદ્ધ ૧૯૯૨થી પ્રતિક ગાંધી ખુબ ફેમસ થયો હતો. ત્યારબાદ એક બાદ એક બોલિવુડની હિટ ફિલ્મો તેમજ સિરીઝ આપી રહ્યો છે. આ પહેલા કપલ એક શોર્ટ ફિલ્મમાં સાથે કામ કરી ચૂક્યા છે.

# CIFDAQ ભારતમાં લોન્ચ કરે છે ગ્રાઉન્ડ બ્રેકિંગ બ્લોકચેન ઈકોસિસ્ટમ

## કંપની બ્લોકચેન લેયર ૧, મૂળ કોઈન, વિનિમય સેવાઓ, MPC વૉલેટ, DeFi, NFT, ગેમિંગમાં ફેલાયેલા સંકલિત ઉકેલો અને અન્ય ઉત્પાદનો પ્રદાન કરે છે

મુંબઈ


CIFDAQ - AI દ્વારા સંચાલિત નવીન બ્લોકચેન ઈકોસિસ્ટમનું ઉત્ક્રાંતિ, એ એક નવા યુગની ફિનટેક કંપની છે જે બ્લોકચેન લેયર ૧, મૂળ કોઈન, વિનિમય સેવાઓ, MPC વૉલેટ, DeFi, NFT, ગેમિંગમાં ફેલાયેલા સંકલિત ઉકેલો અને અન્ય ઉત્પાદનો પ્રદાન કરે છે. ભારતમાં તેની કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી છે.

CIFDAQ ના નવીન સોલ્યુશન્સ પરંપરાગત ફ્રેમવર્ક અને બ્લોકચેન ટેક્નોલોજી વચ્ચેના અંતરને દૂર કરે છે, ઝડપથી વિકસતા વેબ ૩.૦ લેન્ડસ્કેપમાં વિકાસ માટે વ્યવસાયોને સશક્ત બનાવે છે, કેન્દ્રિય સરકાર, વિકેન્દ્રિત અર્થતંત્ર અને વપરાશકર્તાઓના હિતો વચ્ચે સંતુલન સુનિશ્ચિત કરે છે, CIFDAQ પારદર્શિતા, સુરક્ષા, માપનીયતા અને સિનિયરને કેન્દ્રિય અર્થતંત્રો સાથે પ્રાથમિકતા આપે છે. CIFDAQ બ્લોકચેન ઈકોસિસ્ટમ ઈન્ડ લિમિટેડ હવે ભારતમાં સત્તાવાર રીતે નોંધાયેલ છે અને તેનું મુખ્ય મથક મુંબઈમાં છે, જેમાં વધારાની ઓફિસો વ્યૂહાત્મક રીતે દિલ્હી, બેંગલુરુ અને કોલકાતામાં સ્થિત છે. ભારતીય બજારમાં તેનું પદાર્પણ બ્લોકચેન લેન્ડસ્કેપને આગળ વધારવાની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ પ્રસંગે CIFDAQ ના સ્થાપક અને અધ્યક્ષ હિમાંશુ મરાડિયાએ ભારતમાં CIFDAQના પ્રવેશ માટે તેમનો ઉત્સાહ વ્યક્ત કરતા કહે છે કે, "અમે CIFDAQ ની સફરના આ નવા પ્રકરણની શરૂઆત કરવા માટે રોમાંચિત છીએ કારણ કે અમે ગતિશીલ અને ગતિશીલ ભારતીય બજારમાં પગ મૂક્યો છે. અમારા નવીન ઉકેલો તૈયાર છે. ભારતના બ્લોકચેન અને ડિજિટલ ફાઈનાન્સ ઈકો સિસ્ટમમાં હાજર અનોખા પડકારો અને તકોને સંબોધવા અમારું લક્ષ્ય વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિ અને નવીનતા વધારવા, સુરક્ષા અને કાર્યક્ષમતા ધરાવતા વ્યવસાયો અને વ્યક્તિઓને સશક્ત બનાવવાનો છે." રાહુલ મરાડિયા (સહ-સ્થાપક અને ગ્લોબલ સીઈઓ)એ ટિપ્પણી કરી, "અમે CIFDAQ ને પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે, વ્યવસાયો અને વ્યક્તિઓને અત્યાધુનિક સોલ્યુશન્સ સાથે સશક્ત બનાવવાની કલ્પના કરીએ છીએ જે ડિજિટલ ફાઈનાન્સમાં સુરક્ષા, કાર્યક્ષમતા અને સુલભતામાં વધારો કરે છે. અમારું ધ્યેય બ્લોકચેન ઈકોસિસ્ટમમાં ક્રાંતિ લાવવાનું છે અને તેની સંપૂર્ણ ક્ષમતાને વધુ સમાવિષ્ટ અને સમૃદ્ધ ભવિષ્ય માટે માર્ગ મોકળો કરવાનો છે.

# રિલીઝ પહેલાં જ 'પુષ્પા ૨'એ રૂ.૧૬૦ કરોડની કરી કમાણી

મુંબઈ,

અલ્લુ અર્જુન 'પુષ્પા ૨'નું શૂટિંગ પૂર્ણ કરવામાં ખૂબ વ્યવસ્ત છે. ડાયરેક્ટર સુકુમાર ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં મોટી રિલીઝની તૈયારી કરી રહ્યા છે. જોકે, ફિલ્મને ખૂબ સિક્રેટ રાખવામાં આવી છે. નવા રિપોર્ટ્સ પ્રમાણે મેકર્સે ૭ મિનિટનાના સીનને શૂટિંગ કરવા માટે લગભગ ૬૦ કરોડ રુપિયાનો ખર્ચ કર્યો છે અને આ સીનને પૂરો કરવામાં લગભગ ૩૦ દિવસનો સમય લાગ્યો હતો. સૂત્રોના કહેવા પ્રમાણે આ સીનમાં ગંગમ્મા, જથારા અને એક લડાઈને દેખાડાઈ છે. આ દરમિયાન એવા પણ અહેવાલ છે કે 'પુષ્પા ૨'નું બજેટ રૂપિયા ૫૦૦ કરોડ છે. નિર્માતાઓએ વિશ્વભરના મ્યુઝિક રાઈટ્સ અને હિન્દી સેટેલાઈટ રાઈટ્સ ટી-સીરીઝને રુપિયા ૬૦ કરોડમાં વેચી દીધા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સ્ટારે તેલુગુ સેટેલાઈટ્સ પણ ખરીદી લીધા છે.




# વિરાટ કોહલીએ જો ચાર ઓવર ફેંકી હોત તો વધારે રન ન આપ્યા હોત : શ્રીકાંત


મુંબઇ,

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કે. હાલમાં ચાલી રહેલી આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ખરાબ પ્રદર્શનથી શ્રીકાંત નિરાશ છે. તેણે કહ્યું છે કે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી રેકોર્ડબ્રેક મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે આરસીબીના બોલરોનું પ્રદર્શન જોઈને તે દુઃખી થયો હતો. સોમવારે, આરસીબીને એસઆરએચ સામે ૨૫ રને હારનો સામનો કરવો પડ્યો, જે સાત મેચોમાં તેમની છઠ્ઠી હાર છે.

શ્રીકાંતે આરસીબી પર નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓએ ફક્ત ૧૧ બેટ્સમેનોને જ મેદાનમાં ઉતારવા જોઈએ, ખાસ કરીને જ્યારે તેઓ એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમે છે. શ્રીકાંતે એમ પણ કહ્યું કે મેચમાં ૨૮૭ રન આપનાર કરતા વિરાટ કોહલી વધુ સારી બોલિંગ કરી શક્યો હોત.

શ્રીકાંતે યુટ્યુબ શોમાં કહ્યું - રીસ ટોપલીને મારવામાં આવી રહ્યો છે. લોકી ફર્ગ્યુસનને માર મારવામાં આવી રહ્યો હતો. તેણે આઈપીએલમાં સારું પ્રદર્શન કર્યું નથી. ફર્ગ્યુસને કોલકાતાથી બેંગલુરુ સુધીનો પ્રવાસ કર્યો છે. વિલ જેક્સ તેમનો શ્રેષ્ઠ બોલર હતો. જો તેઓ ૧૧ બેટ્સમેન રમે તો સારું રહેશે. ફાફ ડુ પ્લેસિસને બે ઓવર નાખવા માટે કહો. કેમેરોન ગ્રીનને ચાર ઓવર આપો. મને લાગે છે કે વિરાટ કોહલીએ જો ચાર ઓવર ફેંકી હોત તો આટલા રન ન આપ્યા હોત. વિરાટ કોહલી સારો બોલર છે.

# અમિતાભને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે



મુંબઇ,

છેલ્લા ૩૪ વર્ષથી માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠા સંસ્થાન ફિલ્મ, સમાજ, કલા વગેરે ક્ષેત્રો સાથે જોડાયેલા લોકોનું સન્માન કરે છે. આ વર્ષનો લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ બોલિવૂડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને ૨૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ માસ્ટર દીનાનાથ મંગેશકરની ૮૨મી પુણ્યતિથિએ આપવામાં આવશે. રણદીપ હુડાને આ વર્ષે માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ (સ્પેશિયલ એવોર્ડ)થી પણ સન્માનિત કરવામાં આવશે.

નોંધનીય છે કે છેલ્લા ૩૪ વર્ષથી મંગેશકર પરિવાર માસ્ટર દીનાનાથ મંગેશકર સ્મૃતિ પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓનું સન્માન કરે છે. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૦૦ લોકોનું સન્માન કરવામાં આવ્યું છે. આ વર્ષે અભિનેતા અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ આપવામાં આવશે.

માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ-એ. આર રહેમાન (લાંબી સંગીત સેવા), મોહન વાળા એવોર્ડ - ગાલિબ નાટક (ઉત્તમ ડ્રામેટિક પ્રોડક્શન ૨૦૨૩-૨૩), આનંદમયી એવોર્ડ - દીપસ્તંભ ફાઉન્ડેશન મનોબલ, માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ - પદ્મિની કોલ્હાપુરે (લાંબી ફિલ્મ સેવા), માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ - રૂપ કુમાર રાઠોડ (લાંબી સંગીત સેવા), માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ- રણદીપ હુડા (ઉત્તમ ફિલ્મ નિર્માણ) વગેરેને વિશેષ પુરસ્કાર. આ વર્ષે આ સન્માન લગભગ ૧૧ લોકોને આપવામાં આવશે.

હૃદયનાથ મંગેશકરે કહ્યું, 'માસ્ટર દીનાનાથ એક મહાન ગાયક, સંગીતકાર અને થિયેટર કલાકાર હતા. સ્ટેજ કલાકારમાં તેમનું યોગદાન અજોડ હતું.



# ૯૦ના દાયકામાં અભિનેત્રીઓને પોતાની કારકિર્દીની યોજના બનાવવાની તક મળતી ન હતી : રવિના ટંડન

મુંબઇ,

અભિનેત્રી રવિના ટંડન તેની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતી છે. તે ઘણીવાર ઘણા મુદ્દાઓ પર ખુલ્લેઆમ તેના વિચારો વ્યક્ત કરે છે. તેઓ ૯૦ના દાયકામાં સિનેમા જગતમાં પ્રખ્યાત હતા. તેણે ઘણી હિટ ફિલ્મો આપી છે. તાજેતરમાં રવીનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી કેટલીક ચોંકાવનારી વાતો શેર કરી છે.

રવિના ટંડને ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે ૯૦ના દાયકામાં ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો. તે સમયે તેણે એક ધારણા સામે લડવું પડ્યું. તેણીને ફિલ્મોમાં સ્ટીરિયોટાઈપ કરવામાં આવી રહી હતી. તેણે કહ્યું કે ૯૦ના દાયકામાં સ્થિતિ એવી હતી કે અભિનેત્રીઓને પોતાની કારકિર્દીની રણનીતિ બનાવવાની તક મળતી ન હતી. અભિનેત્રીઓને તેમનું કામ પસંદ કરવાની બહુ ઓછી સ્વતંત્રતા હતી.

રવીનાએ કહ્યું કે જ્યારે અમારું કરિયર શરૂ થયું ત્યારે અમે એક-બે ફિલ્મોમાં કામ કર્યું ન હતું. અમે એકસાથે ૧૦ થી ૧૨ ફિલ્મો કરતા હતા. કેટલીક ફિલ્મો વિશે એવું કહેવામાં આવતું હતું કે જો તેમાં કોઈ મોટા અભિનેતા અને મોટા દિગ્દર્શક હશે તો ફિલ્મ સુપરહિટ સાબિત થશે. એ જમાનામાં ફિલ્મોને લઈને બહુ પસંદગી નહોતી.

રવિના ટંડને કહ્યું કે તે દિવસોમાં અભિનેત્રીઓને વધારે પૈસા મળતા ન હતા. જે રકમ એક હીરો એક ફિલ્મમાંથી કમાઈ લેતી હતી, એટલી એક અભિનેત્રી ૧૫ થી ૧૬ ફિલ્મોમાં કામ કર્યા પછી જ કમાઈ શકતી હતી. સ્ટીરિયોટાઈપિંગનું કારણ સમજાવતા તેમણે કહ્યું કે આવું એટલા માટે થયું કારણ કે અમને પોતાને સ્થાપિત કરવામાં સમય લાગ્યો હતો. જ્યારે તે ફિલ્મો રિલીઝ થવા લાગી, જેમાં ૭ સુપરહિટ ગીતો અને એક જ દ્રશ્યો હતા, ત્યારે આવી વધુ ફિલ્મોમાં કામ દેખાવા લાગ્યું.

# કોહલીથી માંડીને ગેલ સુધી... બટલરની તોફાની સદીથી અનેક રેકોર્ડ ધ્વસ્ત થયા

મુંબઇ,

ટી૨૦ ક્રિકેટના એકદમ વિસ્ફોટક બેટ્સમેનોમાં સામેલ જોસ બટલરે આઈપીએલ ૨૦૨૪ માં બીજી સદી ફટકારતાં રાજસ્થાન રોયલ્સને કેકેઆર વિરૂદ્ધ ૨ વિકેટથી જીત અપાવી. ઈડન ગાર્ડન્સમાં થયેલા આ ૩૧મા મુકાબલામાં કેકેઆરે પહેલાં બેટીંગ કરતાં સુનીલ નરેનની સદીના દમ પર નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૨૩ રનનો મોટો સ્કોર ઉભો કર્યો હતો. ટાર્ગેટનો પીછો કરતાં રાજસ્થાને અંતિમ બોલ પર જીત નોંધાવી. જોસ બટલરના બેટ વડે વિનિંગ રન નિકળ્યા. બટલરે ૬૦ બોલમાં ૧૦૭ રનની અણનમ ઈનિંગ રમી. આ સદી સાથે જ તેમણે ઘણા મોટા રેકોર્ડ પોતાના નામે કરી દીધા. બટલરની આ આઈપીએલમાં ૭મી સદી છે. તો બીજી તરફ સીઝનમાં તેમની આ બીજી સદી છે. આ સાથે જ બટલરે ક્રિસ ગેલને સૌથી વધુ આઈપીલ સદીના મામલે પાછળ છોડી દીધો છે. ક્રિસ ગેલે આઈપીલમાં ૬ સદી ફટકારી હતી. બટલર આ સદી સાથે લિસ્ટમાં વિરાટ કોહલી બાદ બીજા નંબર પર આવી ગયા છે. કોહલી આઈપીએલમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટસમેન છે. આઈપીલ ૨૦૨૪ માં ફટકારેલી એક સદી સાથે કોહલી અત્યાર સુધી લીગમાં ૮ સદી ફટકારી છે.



## શહેર ભાજપ કાર્યાલય ખાતે પૂજા, અર્ચન આરતી દ્વારા રામનવમીની ઉજવણી



રામનવમીના રોજ ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગરના કાર્યાલય ખાતે શહેર અધ્યક્ષ અભયસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં ભગવાન રામની મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શહેર મહામંત્રી અલ્પેશભાઈ પટેલ, નરેશભાઈ મકવાણા, પાર્થભાઈ ગોંડલીયા, શહેર સંગઠનના હોદ્દેદારો, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઈ રાબડીયા, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, શિક્ષણ સમિતિના સદસ્યો તથા તમામ વોર્ડ, સેલ, મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### આને કહેવાય ધરમ કરતા ધાડ પડી!

# વાપરવા આપેલુ કેબલ કટર મશીન પરત માગતા યુવકને પાંચ શખ્સોએ માર માર્યો

### કુંભારવાડામા બનેલા બનાવમા પાચેય શખ્સો સામે પોલીસ ફરિયાદ

ભાવનગર, તા.૧૯

ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા યુવાને તેના મિત્રને એક વર્ષ પહેલાં કેબલ કટર મશીન વાપરવા આપ્યું હોય આ મશીન યુવાને પરત માંગતા ત્રણ સગા ભાઈઓ સહિત પાંચ શખ્સોએ યુવાન પર હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સરટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સાથે ગયેલા બે મિત્રોને પણ માર માર્યો હતો.

સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલ મહંમદી મસ્જિદ પાસે રહેતા અને અલંગના ભંગારના વ્યવસાય સાથે સંકળાયેલા ઈરફાન ઉર્ફે લક્કી હનિફ સમા ઉ.વ.૩૭ એ આજથી એક વર્ષ પહેલા તેના મિત્ર અને સાથી વેપારી અકબર ઉંમર સમાને કેબલ કટર મશીન વાપરવા માટે આપ્યું હતું, દરમ્યાન આ મશીન ઈરફાને અકબર પાસેથી પરત માંગતા અકબરે ઈરફાનને તેના ઘરપાસે બોલાવ્યો હતો આથી ઈરફાન ત્યાં તેના મિત્રો કાનજી કાળુ બારૈયા તથા સંજય લક્ષ્મણ ચૌહાણ સાથે ગયો હતો, જયાં અકબર સાથે તેના ભાઈ અસ્લમ તથા અલી અને બે અજાણ્યા શખ્સો મળી પાંચ વ્યક્તિ ઈરફાનની રાહે જ હોય ઈરફાન પહોંચતા જ તેની સાથે ઝઘડો કરી તલવાર પાઈપ તથા ધારીયા વડે હુમલો કરતા ઈરફાનના મિત્રો કાનજી તથા સંજય વચ્ચે પડતા આરોપીઓએ તેમને પણ મારમાર્યો હતો અને ઈરફાનને ધમકી આપી હતી કે, હવે પછી કેબલ કટર મશીન માંગીશ તો જીવતો નહીં રહેવા દઈએ આ હુમલામાં ઘવાયેલ ત્રણેય વ્યક્તિ ઓને સારવાર અર્થે સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર બાદ ઈરફાને પાંચેય હુમલાખોરો વિરુદ્ધ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર આગળ ધપતું વૃક્ષારોપણનું કાર્ય



હાલમાં જ ગ્રીનસીટી સંસ્થા દ્વારા વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ ઉપર ગુરુકુળના કે.પી. સ્વામીના હસ્તે સપ્ટપર્ણીના વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કે. પી. સ્વામીએ દેવેનભાઈ શેઠ અને ગ્રીનસીટીની ભાવનગર શહેર માટેની પર્યાવરણીય સેવાને બીરદાવતા અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ, કિલોનભાઈ મહેતા, પિયુષભાઈ વ્યાસ તથા અલકાબેન મહેતા હાજર રહ્યા હતા.

# ગુંદરણાના ખેડૂતને ઠગ ભેટી ગયા : રૂા.૪૨ હજારની રોકડ પડાવી લઈ ગુરૂ-ચેલા ફરાર

### રસ્તામાં લ્યુના ઉભી રખાવી આધેડને મંત્ર કરી રૂપિયા પાછા આપવાનું કહીં નાણા લઈને સાધુના વેશમાં આવેલા બે શખ્સો પોબારા ભણી ગયા

ભાવનગર, તા.૧૯

ભાવનગર-સોમનાથ નેશનઈ હાઈવે પર ગુંદરણા ગામના ખેડૂતને સાધુના વેશમાં આવેલા ગુરૂ અને ચેલાએ મંત્ર કરી રૂપિયા પાછા આપી દેવાનું કહીંને રૂા.૪૨ હજારથી વધુની રોકડ લઈ ફોરવ્હીલમાં ભાવનગર તરફ નાસી ગયા હતા. બનાવ અંગે ખેડૂતે ફરિયાદ નોંધાવતા પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર મહુવા તાલુકાના ગુંદરણા ગામે સરકારી દવાખાના પાછળ રહેતા રૂડાભાઈ માવજીભાઈ સેતા (ઉ.વ.૫૮) બુધવારે સવારના સમયે તેમનું લ્યુના લઈ મહુવા યાર્ડમાં તેમના શેઠ જુજાભાઈ ટાઢાની દુકાને ડુંગળીના હિસાબના પૈસા તેમજ ડાયાબીટીસીની દવા લેવા માટે ગયા હતા. ત્યાંથી ડુંગળીના હિસાબના રૂા.૧૦,૦૦૦ તેમજ તેમના કાકાના દિકરા રઘાભાઈ ભગવાનભાઈ સેતાના ૩૨,૩૨૦ રૂપિયા તેમના શેઠ પાસેથી લઈ બપોરના સમયે લ્યુના લઈ પરત પોતાના ગામ આવી રહ્યા હતા.

આ સમયે ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ભાદ્રોડ ગામ નજીક માધવ હોટલથી આગળ માહિર ફૂડની સામે પહોંચતા એક સફેદ કલરની ફોરવ્હીલમાં ૩૫-૪૦ વર્ષના ચાલકે વાહન આગળ કરી મોટરસાઈકને ઉભી રખાવી હતી. આ કારમાં પીળું ધોતિયું બાંધેલ એક દિગમ્બર સાધુ (બાવા)એ રૂડાભાઈ સાથે હિન્દીમાં વાત કરી હું રૂપિયા લેતો નથી, તારી પાસે જેટલા રૂપિયા હોય, તે બધા મને આપ હું તને મંત્ર કરી રૂપિયા પાછા આપી દઈશ તેમ કહેતા પ્રથમ તો આધેડને વિશ્વાસ ન હોય તેમણે પૈસા કાઢીને આપ્યા ન હતા. જેથી કાર ચલાવતા શખ્સે કહેલ કે, સાચો બાવો છે, તમે રૂપિયા આપો તમને પાછા આપી દેશે તેમ વાત કરતા રૂડાભાઈ વિશ્વાસમાં આવી ગયા હતા અને ૧૦ હજાર રૂપિયાનું બંડલ બાવાને આપ્યું હતું. ત્યારે ઠગભગત બાવાએ હજી તારા ખિસ્સામાં રૂપિયા છે, તે બધા આપ તેમ કહેતા કાકાના દિકરાના બીલના હિસાબના રહેલા રૂા.૩૨,૩૨૦ પણ તેમણે બાવાને આપ્યા હતા. આમ કુલ રૂા.૪૨,૩૨૦ આપ્યા બાદ આ ઠગે ખેડૂત આધેડની ઉપર રાખ નાંખી આશીર્વાદ આપ્યા બાદ ફોરવ્હીલ થોડી હાંક્યા બાદ રૂપિયા પરત આપી દઈશું, અમારે બગદાણા જવું છે તેમ કહીં કાર બગદાણા તરફ હાંકવાના બદલે ભાવનગરના રસ્તે હંકારી મુકી રોકડ રકમ લઈ બન્ને શખ્સ નાસી ગયા હતા.

આ બનાવ અંગે રૂડાભાઈ સેતા (ઉ.વ.૫૮)એ બન્ને શખ્સ સામે મહુવા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## યુનિ.ની સ્નાતક સેમ.૪ અને ૬ની પરીક્ષાનો થયેલો પ્રારંભ

### રોજ ત્રણ સેશનમાં કુલ ૨૨,૯૨૬ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા, બી.એડ. અને એલએલબીની પણ પરીક્ષા લેવાશે

ભાવનગર, તા.૧૯

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિ. દ્વારા આજથી પરીક્ષાના ચોથા તબક્કામાં સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૪ અને ૬ની વિદ્યાશાખા તેમજ બી.એડ.સેમેસ્ટર ૪ , બીએડ (એચઆઇ) સેમેસ્ટર-૪ તથા એલએલબીના છઠ્ઠા સેમેસ્ટરની પરીક્ષાનો પ્રારંભ થયો છે. આ પરીક્ષામાં રોજ ત્રણ સેશનમાં કુલ મળીને ૨૨૯૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે.

આ પરીક્ષામાં રોજ ત્રણ સેશન રાખવામાં આવ્યા છે. કુલ ૨૭ સેન્ટર ખાતે આ પરીક્ષા લેવામાં આવશે. જેમાં ભાવનગર ઉપરાંત તળાજા, પાલિતાણા, બોટાદ, ગારિયાધાર, સિહોર, જેસર, વાળુકડ, મહુવા, બરવાળા જેવા નગરોમાં પણ પરીક્ષા લેવામાં સેન્ટર રાખવામાં આવ્યા છે. જયારે ભાવનગર શહેરમાં ૧૨ સેન્ટર રહેશે તો અન્ય શહેરોમાં ૧૫ મળીને કુલ ૨૭ પરીક્ષા સેન્ટર પર કસોટી લેવામાં આવશે. આ પરીક્ષા રોજ સવારે ૮.૩૦થી ૧૧ સુધી પ્રથમ તબક્કો, બપોરના ૧૨થી ૨.૩૦ સુધી બીજો તબક્કો તથા બપોરના ૩.૩૦થી સાંજના ૬ સુધી ત્રીજા તબક્કામાં પરીક્ષા લેવામાં આવશે.

## નારી ગામે આર્થિક સંકડામણથી યુવાને ગળાફાંસો ખાધો

ભાવનગર, તા.૧૯

ભાવનગર શહેરની બાજુમાં આવેલ નારી ગામે રહેતા અને આ ગામમાં જ હેર કટીંગ સલૂન ધરાવતા રાજેશભાઈ રમેશભાઈ કાલાણી (ઉંમર વર્ષ ૩૩)ને છેલ્લા કેટલાક સમયથી ધંધામાં પૂરતી આવક થતી ન હોવાથી આર્થિક સ્થિતિથી કંટાળી ગયા હતાં. ગુરૂવારે સવારે પોતાના ઘરે જાતે ગળાફાંસો ખાય લેતા તેને હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજયું હતું. આ ઘટનાથી પરિવારજનો તથા ગામમાં ભારે ગમગીની ફેલાઈ હતી.

## ભાવનગરની સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓનું કાલે શિશુવિહાર ખાતે સન્માન

### સત્કર્મ સન્માન સમિતિ ભાવનગર દ્વારા સતત પાંચમાં વર્ષે આયોજન

ભાવનગર, તા.૧૯

સત્કર્મ સન્માન સમિતિ ભાવનગર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષે શહેરની નિસ્વાર્થ ભાવે સત્કર્મ કરતી સંસ્થાઓ અને વ્યક્તિઓનું સન્માન કરવામાં આવે છે ૨૦૨૪ માટે આ સન્માન સમારોહ તારીખ ૨૦ ને શનિવારે સાંજે ૫ કલાકે શિશુવિહાર ખાતે યોજાશે.

સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓના આ સન્માન સમારોહમાં ઉદ્યોગપતિ બુધાભાઈ પટેલ તથા ડો.જયેશભાઈ પંડ્યા, ડો.નાનકભાઈ ભટ્ટ, ડો. નલિનભાઈ પંડિત વિશેષ ઉપસ્થિત રહેશે

આ કાર્યક્રમમાં સેવાભાવી સંસ્થાઓમાં સર્વમિત્ર કે. આર. દોશી ટ્રસ્ટ, બાર્ટન લાઈબ્રેરી, ગ્રાહક સુરક્ષા મંડળ, દર્દી સાધન સહાય પ્રવૃત્તિ શિશુવિહાર, કલા ક્ષેત્ર, રામ મંત્ર મંદિર ટ્રસ્ટ, સેવા સમિતિ ઉકાળા કેન્દ્ર તથા સ્નેહા ફાઉન્ડેશનના સન્માન કરાશે. તેમજ સેવાભાવી વ્યક્તિઓમાં પીએનઆર સોસાયટીના અનંતભાઈ શાહ (બાબાભાઈ), પ્રસિદ્ધ સાહિત્યકાર ગંભીરસિંહજી ગોહિલ, શિશુવિહારના નિષ્ઠાવાન કર્મચારી પ્રદીપભાઈ ભટ્ટ, મેડિકલ કોલેજ ભાવનગરના ડોક્ટર દિવ્યાંગ બહેનો માટેના કાર્યકર્તા ગીતાબેન અગ્રાવત, સરદાર યુવા મંડળના ભરતભાઈ મોણપરા, ભક્તિ સંગીત ગાયક અશોકભાઈ શાહ, તેમજ પર્યાવરણવિદ રાજેશભાઈ ત્રિવેદીનું સન્માન પત્ર તથા પુસ્તકો દ્વારા ઉપસ્થિત આગેવાનોના હસ્તે સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નાગરિકોને જણાવાયુ છે.

## "અંકુરનો કૃષ્ણ તમને બોલાવે," આવતીકાલે બાળકોનો કાર્યક્રમ

### ફિલ્મ અભિનેત્રી મોનાલ ગજ્જર, બુધાભાઈ પટેલ સહિતની વિશેષ ઉપસ્થિતિ રહેશે

ભાવનગર, તા.૧૯

મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા અંકુર દ્વારા આવતીકાલે અંકુરનો કૃષ્ણ તમને બોલાવે શીર્ષક અંતર્ગત ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ સરદારનગર ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવશે.

તારીખ ૨૦ મે શનિવારે સાંજે ૪થી ૬-૩૦ દરમિયાન યોજનાર અંકુરનો કૃષ્ણ તમને બોલાવે કાર્યક્રમમાં ગુજરાતી, હિન્દી અને તમિલ ફિલ્મની અભિનેત્રી મોનાલ ગજ્જર ઉપરાંત જાણીતા ઉદ્યોગપતિ જયંતભાઈ વનાણી બુધાભાઈ પટેલ તેમજ ભાયાણી સ્કાય લાઈન વાળા કિશોરભાઈ ભાયાણી, તંબોળી કાસ્ટિંગ લિમિટેડના પિયુષભાઈ તંબોળી તથા વિશાખાબેન તંબોળી, હાઈ ટેક ઈન્વેસ્ટમેન્ટ એન્ડ કાસ્ટિંગ લિમિટેડના તરુણભાઈ વોરા, અલંગ ઓટોના ડો.રાની ચૌધરી, મરીન એન્ટરપ્રાઈઝ વાળા મહમદ રજાભાઈ મર્ચન્ટ, જીતુભાઈ ફટાકડા વાળા નિમેષભાઈ દેસાઈ, તેમજ સંતોષીજી સહિત ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ વિનોદ એન. હકાણી, માનદ મંત્રી ડી.જે.ધંધુકીયા, અલ્પેશભાઈ કે. શેઠ સહિત જહેમત ઉઠાવી રહ્યા છે.

## પ્રેસવાળા મેલડી માતાના મંદિરે કાલે ભવ્ય ડાક ડમરૂનો કાર્યક્રમ

ભાવનગર, તા.૧૯

શહેરના કરચલીયા પરા ખાતે પ્રેસ રોડ પર આવેલ પ્રેસવાળા મેલડી માતાના મંદિરે આવતીકાલે શનિવારે ભવ્ય ડાક ડમરૂનો કાર્યક્રમ મેલડી માતા મિત્ર મંડળ તથા મામાદેવ મિત્ર મંડળ દ્વારા યોજવામાં આવ્યો છે.

તારીખ ૨૦ને શનિવારના રોજ પ્રેસવાળા મેલડી માતાના મંદિરે ભુવાદાદા રાજુભાઈ વેગડ તેમજ પઢીયારદાદા અને ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં ગુજરાતના જાણીતા સંતવાણી અને ડાયરાના કલાકારોનો ડાક ડમરૂનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે જેમાં કરદેજ કોટ ઓફ મેલડી ગ્રુપના વિજયભાઈ રાવળદેવ તથા તેમના ગ્રુપ દ્વારા ડાક ડમરૂનો કાર્યક્રમ યોજાશે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મેલડીમાં મિત્ર મંડળ તેમજ પ્રેસ વાળા મામા દેવ મિત્ર મંડળ દ્વારા ભાવિકોને અનુરોધ કરાયો છે. આ ઉપરાંત તારીખ ૨૧ને રવિવારના રોજ સાંજે ૫ કલાકે મહાપ્રસાદનુ પણ આયોજન કરવામાં આવ્યું છે.

## નોકરીએ જવા નીકળેલા આધેડનું કારની ટક્કરથી મોત

ભાવનગર, તા.૧૯

આખલોલ જકાતનાકા પાસે શેલ પેટ્રોલ પંપની પાછળ આવેલી મારૂતિનંદન સોસાયટીમાં રહેતા હસમુખભાઇ જોષી પાર્થ મેડિકલ સ્ટોરમાં નોકરી કરે છે. તેઓ ઘરેથી નોકરીએ જવા માટે નિકળ્યા હતા અને આખલોલ જકાતાનાકા પાસે રિકશા પાસે ઉભા હતા ત્યારે જી.જે. ૬ પાસિંગની સ્વિફ્ટ કારના ચાલકે હસમુખભાઇને ટક્કર મારી હતી. કારે ટક્કર મારતા હસમુખભાઇને ગંભીર પ્રકારની ઇંજા પહોંચી હતી એટલે તેમને ૧૦૮ દ્વારા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયારે કારનો ચાલક અકસ્માત સર્જી ફરાર થઇ ગયો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન હસમુખભાઇ (ઉ.વ.૫૫)નું મોત નિપજતા મૃતકના પુત્રએ કાર ચાલક વિરુદ્ધ બોરતળાવ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### પીએમ મોદીના ૪૦૦ મિશનની સફળતા માટે ૧૨ જયોતિર્લિંગની બાઈક યાત્રાએ નીકળ્યા એનઆરઆઈ

# બાર જયોતિર્લિંગના દર્શને નીકળેલ બાઈક યાત્રીનું મીઠાઈ ફરસાણ એસો. દ્વારા સ્વાગત

### નારી ચોકડી ખાતે ઢોલ અને શરણાઈ સાથે તિલક, ફૂલહાર કરી પ્રવાસીનું કરાયું સન્માન

ભાવનગર,તા.૧૯

વડોદરાના ૭૦ વર્ષનાં નીતિનભાઈ બુમિયા NRI છે જે વડોદરામા મીઠાઈ-ફરસાણનો વ્યવસાય કરે છે. તેમના દ્વારા દેશનાં ૧૨ જયોતિલિંગ દર્શનનો મોટરસાયકલનો પ્રવાસ આરંભ થયો



જેમાં વડોદરાથી સોમનાથ જતા ભાવનગર નારી ચોકડી ખાતે તેઓનું ભાવનગર મીઠાઈ-ફરસાણ એસોસીએશન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું, મોટરસાયકલ ઉપરનો તેઓ આ પ્રવાસ ૪૨ દિવસમાં પુરો કરશે જેમાં ટોટલ ૧૨૦૦૦ KM નો પ્રવાસ કરશે. જેમાં વિવિધ રાજયનાં ૬૫ થી વધુ શહેર-જીલ્લાની સફર તેઓ કરશે.

PM નરેન્દ્રભાઈ મોદીનાં ૪૦૦ કે પાર મીશનની સફળતા માટે તેમણે આ સંકલ્પ લીધેલ છે. તેમણે ઉમેર્યુ હતુ કે નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કરશે ત્યારબાદ તેઓ તેમને મળવા વડોદરાથી બાઈક લઈને દિલ્હી પણ જશે. હાલની તેમની ૧૨ જયોતિર્લિંગની યાત્રા દરમ્યાન તેઓ પ્રતિદિન ૩૫૦ થી કી.મી.નું ડ્રાઈવિંગ કરશે. તેઓનુ સન્માન કરવા ભાવનગર મીઠાઈ ફરસાણ એસોસીએશનના સભ્યો નારી ચોકડી પહોંચી ગયા હતા અને તીલક, ફુલહાર કરી ઢોલ, શરણાઈથી તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. ઉપર તસ્વીરમાં ડાબેથી જય પટેલ, હેમલ શાહ, હિમાચલ મહેતા, ગૌરવ પારેખ, સમર્થ મુની, બૈજુ મહેતા, નીતિન બુમિયા, નિલેશ છાંટબાર, પરેશ બોસમીયા, રીતેશ ફતનાની દ્રશ્યમાન છે જે પૈકી જય પટેલ તથા હેમલ શાહ વડોદરાથી નીતિનભાઈની સાથે આ સફરમાં બાઈક લઈને જોડાયેલ છે.

## રેડક્રોસ હોસ્પિટલ અલંગ ખાતે વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા યોજાઈ

### અલંગના કામદારોના બાળકોએ સુંદર નમૂનાઓ બનાવ્યા સ્પર્ધામા ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત કરાયાં

ભાવનગર, તા.૧૯

રેડક્રોસ હોસ્પિટલ અલંગ દ્વારા ખાસ અલંગમાં આરોગ્ય સેવાઓ આપવા ઉપરાંત જનજાગૃતિ માટેના કાર્યક્રમો ચલાવવામાં આવે છે જેના ભાગરૂપે અલંગમાં કામ કરતા કામદારોના બાળકો માટે સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર ચલાવવામાં આવે છે જેમાં બાળકોને રોજ અલગ અલગ પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ અને જીવન મૂલ્ય શિક્ષણ આપવામાં આવે છે. આ બાળકો માટે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં બાળકોએ તેમના વિસ્તારમાંથી વેસ્ટ વસ્તુઓમાંથી અલગ અલગ કૃતિઓ બનાવી હતી રેડક્રોસ અલંગના મેડિકલ ઓફિસર અને કોર્ડિનેટર દ્વારા ક્રમાંક મેળવનારને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકો દ્વારા કૃતિઓ તૈયાર કરવામાં આવેલ જેમાં તેની સર્જન શક્તિનો વિકાસ થાય અને તે વધુને વધુ આગળ વધે તેવી પ્રવૃતિઓનું આયોજન રેડક્રોસ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા કરવામાં આવે છે.


### ભાવનગર મહાનગરપાલિકા ભાવનગર

### જાહેર નિવિદા

ભાવનગર શહેરમાં મહાનગરપાલિકા હદવિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારો પૈકી જે વિસ્તારોનો સમાવેશ ભાવનગર એરપોર્ટનાં ફનલ એરિયામાં થતો હોય તેમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા એરપોર્ટ ઓબ્સ્ટેકલ લાઈટીગ ઈન્સટોલેશન કરાવવા સુચન કરેલ છે. જેમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા મ.ન.પા.ની હદમાં સમાવિષ્ટ વિસ્તારો પૈકી લાખાજીનગર, એકલ્વય સોસાયટી, મારૂતિનગર, રામનગર, લક્ષ્મણનગર, રામદેવનગર, બાપુનગર, ગોકુલનગર, સ્વપ્ન સુંદર સોસાયટી, કૃષ્ણનગર ૫૦ વારિયા, સંકલ્પ ટાઉનશીપ, મુરલીધર સોસાયટી, બરસાના સોસાયટી, કૈલાશ સોસાયટી, ક્રિષ્ના રેસિડેન્સી, નારાયણ સોસાયટી, સિલ્વર સ્કાય ફ્લેટ, સિલ્વર એવન્યુ ફ્લેટ, ગુરૂ આશિષ ફ્લેટ, એપલ હાઈટસ, મ્સ્ઞ ઝોનલ ઓફિસ તથા ઈમ્પીરિયલ હાઈટ બિલ્ડીગ મળી કુલ ૧૨૫ જાહેર નોટીસો આપવામાં આવેલ છે. જેથી સદરહું વિસ્તારોમાં સમાવિષ્ટ થતા તમામ બાંધકામો/મિલ્કતોની ટેરેસ ફલોર પર એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં હ્વઋછઈ, જીૌજિ-૬, ક્રિ-૧ અનુસાર એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય રાખવા પાત્ર એરોડ્રોમ ઓબ્સ્ટેકલ લાઈટીગ ઈન્સ્ટોલેશન કરવા તમામ મિલકતના ધારણકર્તાશ્રીને તાકીદ કરી જણાવવામાં આવે છે. સદર વ્યવસ્થા અંગે જરૂરી કાર્યવાહી ન થયેથી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા જણાવે તે મુજબની ધોરણસરની કાર્યવાહી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે, જેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

તારીખઃ- /૦૪/૨૦૨૪
સ્થળઃ-ભાવનગર.

ટાઉન ડેવ. ઓફિસર
ટાઉન ડેવલોપમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર.


અનુ.પાના ૮નું શરૂ...

### સસ્તામાં સોનાના સિક્કા

ત્યાર બાદ ફરિયાદીએ માળાની કિંમત પુછતા સસ્તામાં ૬,૫૧,૦૦૦માં આપીશુ તેમ કહેતા ફરિયાદીએ પોતાની તમામ બચત અને સગા સબંધી પાસેથી ઉછીના પૈસા મેળવી ૬,૫૧,૦૦૦૦ ભેગા કર્યા હતા. ત્યાર બાદ આરોપીના જણાવ્યા પ્રમાણે ફરિયાદીએ રાત્રે નારી ચોકડી પાસે બન્ને આરોપીને રોકડ રકમ આપી હતી એટલે આરોપીએ માળા આપી હતી. ત્યાર બાદ ફરિયાદીએ માળા સોની પાસે ચેક કરાવતા માળા સોનાની નહી પરંતુ નકલી હોવાનું ખુલવા પામ્યું હતું. આમ, બન્ને શખ્સે લાખોની છેતરપિંડી કરતા વરતેજ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગરમીના કારણે શાળાનો સમય સવારે ૧૧ સુધીનો રાખવા માંગ

ભાવનગર, તા.૧૯

હાલ સમગ્ર ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધી ગયો છે અને રાજ્યમાં હિટ વેવની અસર વર્તાઈ રહી છે ત્યારે ગુજરાત સરકારના રાહત કમિશનર અને સચિવની કચેરી દ્વારા એડવાઈઝરી પણ બહાર પાડવામાં આવી છે. જેમાં શિક્ષણ વિભાગ માટે ગરમીની સિઝનમાં શાળાના સમય નિયંત્રણ બાબતે જણાવાયું છે. તો હાલના સમયે રાજયની પ્રાથમિક શાળાઓમાં પરીક્ષાઓ પૂર્ણ થવાના આરે છે અને ગરમીનો પ્રકોપ હોય સરકાર દ્વારા ગરમીથી બચવા એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે. તેને ધ્યાનમાં લઈને શાળાનો સમય હાલમાં બપોરના ૧૨ વાગ્યા સુધીનો છે તેને બદલે સવારના સાત વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીમાં રાખવા માટે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર સમક્ષ રજૂઆત કરી છે.

## રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘના પૂર્વ કાર્યવાહના પુત્રીનુ અવસાન

**સ્થાનકવાસી જૈન મરણ :** રા.સ્વ.સંઘના પૂર્વ જિલ્લા કાર્યવાહ સ્વર્ગસ્થ હિંમતભાઈ મણીલાલ શાહ (મીસા વાસી)ના જયેષ્ઠ પુત્રી દક્ષાબેન અશોકકુમાર મનવાણી (ઉં.વ.૬૮) જેઓ સપના સોહીલકુમાર લખુપોટા (ઓસ્ટ્રેલિયા)ના માતુશ્રી, ધર્મજાગરણ સમન્વયના સૌરાષ્ટ્ર પ્રાંત પ્રશાસન પ્રમુખ નરેશભાઈ એચ શાહ (બિલ્ડર/એસ્ટેટ બ્રોકર), નીતાબેન યોગેશકુમાર ધ્રુવ, છાયાબેન અશ્વિનકુમાર શાહ, સ્મિતાબેન જયેશકુમાર ગાંધીના મોટા બહેન થાય તેઓ તા.૧૭ના અરિહંત શરણ થયેલ છે. સ્વર્ગસ્થની સંયુક્ત પ્રાર્થના સભા તા.૨૦ને શનિવારે સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ શિવ શક્તિ હોલ, ક્રેસન્ટ સર્કલ પાસે, ભાવનગર રાખેલ છે. અન્ય કોઈ લૌકીક વ્યવહાર રાખેલ નથી.

# મહારથીઓ, મંત્રીઓ, પૂર્વ મંત્રીઓથી લઈને પાર્ટીના વડાઓની શાખ દાવ પર

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીની તૈયારીઓને લઈને તમામ રાજકીય પક્ષો પ્રચારમાં વ્યસ્ત છે અને આજે ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાનું મતદાન થઈ રહ્યુ છે, પ્રથમ તબક્કામાં દેશના ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન છે. આ સમયગાળા દરમિયાન આવી અનેક વીવીઆઈપી બેઠકો પર મતદાન થવાનું છે, જેના પર સમગ્ર દેશની નજર ટકેલી છે.

દક્ષિણ ભારતીય રાજ્ય તમિલનાડુની તમામ ૩૯ બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન સમાપ્ત થશે. ભાજપ આ લોકસભા ચૂંટણીમાં એનડીએને ૪૦૦ અને પાર્ટીને ૩૫૦ બેઠકો જીતવાનો દાવો કરી રહી છે. આ અંગે ભાજપ દક્ષિણના રાજ્યો ખાસ કરીને તમિલનાડુમાં જોરદાર પ્રયાસ કરી રહી છે. પાર્ટીએ તમિલનાડુ બીજેપી અધ્યક્ષ કે. અન્નામલાઈને કોઈમ્બતુર સીટ પરથી ટિકિટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તમિલનાડુમાં ચૂંટણી રેલીઓમાં ઘણી વખત જોવા મળ્યા છે અને અન્નામલાઈના વખાણ કરી ચૂક્યા છે.

ભાજપે તેલંગાણાના પૂર્વ રાજ્યપાલ ટી સુંદરરાજનને રાજ્યની ચેન્નાઈ દક્ષિણ બેઠક પરથી ટિકિટ આપી છે. યુપીએ સરકારમાં કેન્દ્રીય મંત્રી રહી ચૂકેલા એ રાજા નીલગીરી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે આ સીટ પર કેન્દ્રીય મંત્રી એલ મુરુગનને ટિકિટ આપી છે. કોંગ્રેસે તમિલનાડુની શિવગંગા લોકસભા સીટ પરથી કાર્તિ ચિદંગબરમને ટિકિટ આપી છે. તેમની સામે બીજેપીના ટી




દેનાથન યાદવ અને એઆઈએમઆઈએમના ઝેવિયર દાસ છે. આ વખતે કેન્દ્રીય મંત્રી સંજીવ બાલિયાન ઉત્તર પ્રદેશની મુઝફ્ફરનગર સીટ જીતવાની શેખી કરી રહ્યા છે. આ સીટ પર સમાજવાદી પાર્ટીએ હરેન્દ્ર મલિક અને બીએસપીએ દારા પ્રજાપતિને મેદાનમાં ઉતાર્યા છે. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ આસામની ડિબ્રુગઢ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે. અગાઉ આ બેઠક પરથી કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી રામેશ્વર તેલી સાંસદ હતા. તેમની ટિકિટ કાપીને સોનોવાલને આપવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરની ઉધમપુર બેઠક પરથી બે વખત ચૂંટણી જીતીને મોદી કેબિનેટમાં સ્થાન મેળવનાર સાંસદ જિતેન્દ્ર સિંહ ત્રીજી વખત રાજકીય મેદાનમાં છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ રાજસ્થાનની અલવર બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે. જ્યારે બીકાનેર લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલ સામે કોંગ્રેસના પૂર્વ મંત્રી ગોવિંદ રામ મેઘવાલ મેદાનમાં છે.


કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી મહારાષ્ટ્રની નાગપુર બેઠક પરથી હેટ્રિક બનાવવા માટે મેદાનમાં છે. ૨૦૧૪ અને ૨૦૧૯માં તેઓ બે લાખથી વધુ મતોથી જીત્યા હતા. વર્ષ ૨૦૧૯માં તેમણે મહારાષ્ટ્ર કોંગ્રેસના વર્તમાન અધ્યક્ષ નાના પટોલેને ૨.૧૬ લાખ મતોથી હરાવ્યા હતા. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અરુણાચલ પ્રદેશની અરુણાચલ પશ્ચિમ બેઠક પરથી જીત માટે હુંકાર કરી રહ્યા છે. ૨૦૦૪થી સાંસદ રહેલા કિરેન રિજિજુ આ બેઠક પરથી ત્રણ વખત ચૂંટણી જીતી ચૂક્યા છે. આ વખતે ફરી એકવાર તેઓ ચૂંટણી મેદાનમાં છે અને તેમની સ્પર્ધા પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નવાબ તુકી સામે છે.

# માલદિવ્સના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડતો એક રિપોર્ટ લીક

માલજિવ્સ,

ભારત સાથે વિવાદોમાં આવેલા ટાપુઓના દેશ માલદિવ્સમાં હાલ ભ્રષ્ટાચારને લઈને મોટો હોબાળો સામે આવ્યો છે. માલદિવ્સના વર્તમાન રાષ્ટ્રપતિ અને ચીનના લાડલા મોહમ્મદ મુઈજ્જુના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડતી એક રિપોર્ટ લીક થઈ ગઈ છે. જેને કારણે વિપક્ષે આ મુદ્દે મોહમ્મદ મુઈજ્જુને બરાબરના ઘેરી લીધા છે તેમજ દેશની જનતા પણ સવાલો ઉઠાવવા લાગી છે.

સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર મોહમ્મદ મુઈજ્જુએ વર્ષ



૨૦૧૮થી આ ભ્રષ્ટાચાર કર્યો હતો, જેને પગલે હવે મુઈજ્જુના મહાભિયોગ એટલે કે પદ પરથી હટાવવાની કાર્યવાહી તેમજ ભ્રષ્ટાચારની તપાસની માગણી કરી છે. આ સમગ્ર વિવાદ એવા સમયે સામે આવ્યો છે જયારે માલદિવ્સમાં રવિવારે મજલિસની ચૂંટણી યોજાવાની છે.

હાલ મુઈજ્જુની સત્તાધારી પાર્ટી પીપલ્સ નેશનલ કોંગ્રેસ પીએનસી અને માલદિવિયન ડેમોક્રેટિક પાર્ટી એમડીપી બન્ને સામસામે આવી ગયા છે. વિપક્ષના નેતા હસન કુરુસી દ્વારા સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર ભ્રષ્ટાચાર અંગેનો ગુપ્ત રિપોર્ટ લીક કરવામાં આવ્યો હતો. માલદિવ્સ મોનેટરી ઓથોરિટી અને ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

# અમેરિકામાં વધુ એક ભારતીયનું મોત

## ગેરકાયદે ઘૂસણખોરી મામલે પકડાતાં ડિપોર્ટ થવાના હતા

વોશિંગ્ટન,

અમેરિકાથી ફરી એકવાર હચમચાવી મૂકે તેવા સમાચાર સામે આવ્યા છે. અહીં ગેરકાયદે ઘૂસણખોરી મામલે પકડાયેલા એક ૫૭ વર્ષીય ભારતીયનું મોત નીપજતાં ખળભળાટ મચી ગયો છે. એટલાન્ટાની હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. અત્યાર સુધીની માહિતી અનુસાર તેમને ફરી વતન ડિપોર્ટ કરવાની તૈયારી ચાલી રહી હતી. ફેડરલ ઓથોરિટીએ આ માહિતી આપી હતી. મૃતકની ઓળખ ૫૭ વર્ષીય જસપાલ સિંહ તરીકે થઈ છે. જેના વિશે ન્યુયોર્કમાં આવેલા ભારતીય વાણિજ્ય દૂતાવાસે માહિતી આપી હતી. અમેરિકાના ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ વિભાગે જણાવ્યું કે પીડિતના પરિજનોને જાણ કરી દેવામાં આવી છે. માહિતી અનુસાર જસપાલ સિંહનું મૃત્યુ ૧૫ એપ્રિલના રોજ થયું હતું. જોકે તેમના મૃત્યુનું કારણ જાણવા માટે ઓટોપ્સી રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે જેનો રિપોર્ટ હજુ આવવાનો બાકી છે. સિંહ એક ભારતીય નાગરિક હતા અને તેઓ ૨૫ ઓક્ટોબર ૧૯૯૨માં અમેરિકા ગેરકાયદે રીતે આવ્યા હતા. ૨૧ જાન્યુઆરી ૧૯૯૮ના રોજ ઈમિગ્રેશન જજે આદેશ આપ્યો હતો કે તેમને અમેરિકાથી તગેડી મૂકવામાં આવે.

# મરાઠવાડામાં કમોસમી વરસાદથી ૧૦નાં મૃત્યુ : સૌથી વધુ મોત બીડમાં

મુંબઈ,

મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રમાં નવમી એપ્રિલથી ચાલુ થયેલા કમોસમી વરસાદના કારણે ૧૦ લોકો અને ૧૫૦ પશુઓનાં મૃત્યુ થયાં હોવાના અહેવાલ છે. મરાઠવાડામાં છત્રપતિ સંભાજીનગર, જાલના, બીડ, પરભણી, લાતૂર, નાંદેડ, ધારાશિવ, અને હિંગોલી એમ આઠ જિલ્લાનો સમાવેશ થાય છે.

રાજયના મહેસૂલ વિભાગે પ્રસિદ્ધ કરેલા રિપોર્ટ અનુસાર, મરાઠવાડામાં કમોસમી વરસાદના કારણે ૯,૧૨૭ ખેડૂતોની ૫,૨૫૬.૮૬ હેક્ટર કરતાં વધારે



જમીનો પરના પાકને નુકસાન થયું છે. રિપોર્ટમાં કહેવાયું છે કે વરસાદના કારણે અત્યાર સુધીમાં ૧૦ લોકોનાં મૃત્યુ થયાં છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. તેમાં સૌથી વધારે ત્રણ મૃત્યુ બીડમાં, જયારે છત્રપતિ સંભાજીનગર, પરભણી, અને લાતૂરમાં બે બે મૃત્યુ નોંધાયાં છે. આ વિસ્તારમાં ૧૭ દૂધાળાં પશુ સમેત ૧૫૨ જેટલાં પશુઓનાં મૃત્યુ થયાં હોવાનું પણ મહેસૂલ વિભાગે જણાવ્યું છે

# અરવિંદ કેજરીવાલ જાણીજોઈને જેલમાં મીઠાઈ ખાઈ રહ્યા છે જેથી તેમને જામીન મળી શકે : ઈડી

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ છે. આ દરમિયાન કેજરીવાલે વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાના નિયમિત ડોક્ટરની સલાહ લેવા માટે અરજી કરી હતી. દરમિયાન દિલ્હી કોર્ટમાં કેજરીવાલની અરજી પર સુનાવણી થઈ હતી. જેના પર EDએ ગુરુવારે કોર્ટમાં પોતાનો જવાબ આપ્યો છે.

ઈડીએ દાવો કર્યો છે કે તે મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન મેળવવા માટે જાણીજોઈને મીઠાઈ ખાઈ રહ્યો છે, જેથી તેનું શુગર લેવલ વધી જાય અને તેને જામીન મળી જાય.



એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સીબીઆઈ અને ઈડી કેસ માટે વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજા સમક્ષ આ દાવો કર્યો હતો, જેમણે તિહાર જેલ સત્તાવાળાઓને કેજરીવાલના આહાર ચાર્ટ સહિત કેસમાં રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

ઈડીના વિશેષ વકીલ ઝોહૈબ હુસૈને કહ્યું, "કોર્ટ સમક્ષ ડાયેટ ચાર્ટ મૂકવામાં આવ્યો છે. ડાયેટ ચાર્ટમાં કેરી અને મીઠાઈઓ હતી, અમે તેને કોર્ટ સમક્ષ મૂકી છે. તે માત્ર મીઠો ખોરાક જ ખાતો હતો." જે કોઈપણ ડાયાબિટીસના દર્દીને માન્ય નથી." ઈડીએ કોર્ટને કહ્યું, "ટાઈપ ૨ ડાયાબિટીસ હોવા છતાં, અરવિંદ કેજરીવાલ વધુ ખાંડવાળી સામગ્રી ખાય છે, તે દરરોજ 'આલુ પુરી', કેરી, મીઠાઈઓ ખાય છે તબીબી જામીન માટે આધાર બનાવવા માટે."

# દુબઈ જળબંબાકાર, મુંબઈને પરસેવે નિતાર્યું

મુંબઈ,

દુબઈ અને મુંબઈ વચ્ચે ૨૦૦૦ કિલોમીટરનું અંતર છે છતા બન્ને શહેરોને એક જ સીસ્ટમનાં પ્રભાવથી મોસમનો માર સહન કરવાનો વખત આવ્યો છે.બે દિવસ પૂર્વે દુબઈમાં અનરાધાર વરસાદ વરસતા જળબંબાકાર પુરની હાલત સર્જાઈ હતી. જયારે મુંબઈમાં અસામાન્ય ગરમીનો માહોલ સર્જાયો હતો. આ બન્ને સ્થિતિ માટે એક જ હવામાન સીસ્ટમ જવાબદાર રહી છે.

હવામાન વિભાગના નિષ્ણાંતોએ કહ્યુ કે, એક જ એન્ટી સાયકલોનીક સીસ્ટમથી દુબઈ અને




મુંબઈને અસામાન્ય સ્થિતિનો સામનો કરવો પડયો છે. એન્ટીસાયકલોન તથા લોકલ હવામાનની સીસ્ટમ ભેગી થતા અસર વધી ગઈ હતી. દુબઈમાં વરસાદ થયો અને મુંબઈમાં બે દિવસથી ભેજવાળી લુથી ભીષણ ગરમી છે.

પુનાનાં હવામાન વિજ્ઞાની રૂષિકેશ આગ્રેએ કહ્યું કે, ૧૫ મી એપ્રિલે મુંબઈનું સાંજે ૫-૩૦ વાગ્યાનું તાપમાન ૩૭.૯ ડીગ્રી હતુ ભેજ ૫૫ ટકા હતા.ત્યારે વેટ બલ્બ ટેમ્પરેચર ૨૯.૩ ડીગ્રી થઈ ગયુ હતું. વેટ બલ્બ ટેમ્પરેચર તાપમાન તથા ભેજની માત્રાના આધારે નકકી થાય છે અને લોકોને કેટલી ગરમી સહન કરવી પડી રહી છે તે સુચવે છે. ૧૬ એપ્રિલે સાંજે તાપમાન ૩૯ ડીગ્રી હતું જે છેલ્લા ૧૫ વર્ષનું સૌથી વધુ હતું. આ ૪ દિવસે દુબઈમાં રેકોર્ડબ્રેક વરસાદ થયો હતો અને પુરની સ્થિતિ સર્જાઈ હતી.

# પાકિસ્તાનમાં સરકારે ટ્વિટર ઉપર લગાવ્યો પ્રતિબંધ

## અઠવાડિયામાં નિર્ણય પાછો લો : કોર્ટ

ઈસ્લામાબાદ,

હવે પાકિસ્તાનના લોકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (જે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતુ) નો ઉપયોગ કરી શકશે નહીં. પાકિસ્તાન સરકારે પોતાના દેશમાં એકસ પર પ્રતિબંધ મૂક્યો છે. પાકિસ્તાન સરકારે અગાઉ પણ તેના માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એકસ પર પ્રતિબંધ અંગે આદેશ જાહેર કર્યો હતો.

પાકિસ્તાને એલોન મસ્કના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. સુરક્ષાની ચિંતાઓને ટાંકીને પાકિસ્તાન સરકારે ફેબ્રુઆરીમાં જ એક્સ પર પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો હતો. પરંતુ આજે પાકિસ્તાન સરકારે આ એક્સ પર લગાવેલા પ્રતિબંધની સત્તાવાર પુષ્ટિ કરી છે.જો કે, પાકિસ્તાનની સિંધ હાઈકોર્ટે, સરકારને એલોન મસ્કની માલિકીની માઈક્રો બ્લોગિંગ સાઈટ એક્સ પરનો પ્રતિબંધ રદ કરવાનો નિર્દેશ આપ્યો છે. રિપોર્ટ અનુસાર, કોર્ટે પાકિસ્તાન સરકારને એક સપ્તાહની અંદર એકસ પરનો પ્રતિબંધ હટાવવા માટે કહ્યું છે.

# ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂ. ૨૮ કરોડના નકલી બિલ કૌભાંડનો પર્દાફાશ

ઈન્દોર,

ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નકલી બિલ દ્વારા કરોડો રૂપિયાના કૌભાંડનો મામલો સામે આવ્યો છે. પાંચ કંપનીઓના કોન્ટ્રાક્ટરોએ બનાવટી બિલો આપીને રૂ.૨૮ કરોડની છેતરપિંડી કરી છે. કોર્પોરેશનની ફરિયાદ બાદ એમજી રોડ પોલીસ સ્ટેશને છેતરપિંડી સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે પોલીસ તપાસમાં અધિકારીઓની મિલીભગત પણ બહાર આવશે.

ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં દરરોજ કૌભાંડના કિસ્સા પ્રકાશમાં આવે છે. ક્યારેક ફાઈલો ચોરાઈ જાય છે તો ક્યારેક નકલી બિલો આપીને કૌભાંડો કરવામાં આવે છે. આ બાબત



ડ્રેનેજ લાઈન નાખવાના નામે કૌભાંડ છે. શહેરમાં જે જગ્યાએ ડ્રેનેજની લાઈનો નાખવામાં આવી ન હતી તેવા સ્થળોના નામે નકલી બિલ વીની ફાઈલો તૈયાર કરવામાં આવી હતી અને કોર્પોરેશનના એકાઉન્ટ વિભાગને પેમેન્ટ માટે ફોર્મ મોકલવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલો ઓડિટ વિભાગમાંથી પસાર થયા બાદ પ્રકાશમાં આવ્યો હતો જ્યારે હિસાબ વિભાગે ડ્રેનેજ વિભાગ પાસેથી આ અંગેની માહિતી એકત્ર કરી તપાસ કરી તો ખબર પડી કે આ ફાઈલો પર કામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યા નથી. તો તેમના બિલ કેવી રીતે પસાર થઈ શકે. આ સમગ્ર મામલે મહાનગરપાલિકાએ એમજી રોડ પોલીસ સ્ટેશનમાં પાંચ કંપનીઓ વિરુદ્ધ FIR નોંધાવી છે.

વાસ્તવમાં મહાનગરપાલિકામાં રૂ.૨૮ કરોડનું નકલી બિલ કૌભાંડ આનાથી ઘણું વધારે હોવાની શક્યતા છે. અધિકારીઓને એવી પણ શંકા છે કે કોન્ટ્રાક્ટરોની ટોળકીએ આવા ઘણા કેસોમાં ચૂકવણી કરાવી છે. ભૂગર્ભમાં થયેલા આવા કામો માટે કરોડો રૂપિયા ચૂકવવામાં આવતા હતા, જેની ચકાસણી સરળ નથી.

# ૪૦૦ પાર સ્લોગન સારૂ છે પરંતુ સફળ થવાનું નથી : રેવંત રેડ્ડી

કોચ્ચી,

કેરળમાં લોકસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. બધાની નજર કેરળની વાયનાડ સીટ પર છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, બીજેપીના પ્રદેશ અધ્યક્ષ કે સુરેન્દ્રન અને સીપીઆઈ નેતા ડી રાજાની પત્ની એની રાજા અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસ આ બેઠક જીતવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. આ જ ક્રમમાં તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પણ વાયનાડ પહોંચ્યા હતા. મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે ભાજપના '૪૦૦ પાર'ના નારા પર આકરા પ્રહારો કર્યા હતા.

બીજેપીના '૪૦૦ પાર' ના નારા પર રેવન્ત રેડ્ડીએ કહ્યું, "સૂત્ર સારું છે પરંતુ સ્લોગન સફળ થવાનું નથી. લોકોએ બીજેપીને બે વાર તક આપી પરંતુ તેણે માત્ર લોકોને છેતર્યા. આ વખતે બીજેપીને કંઈ મળવાનું નથી. આજે વડાપ્રધાનને દક્ષિણ ભારત યાદ આવ્યું છે, તેમણે ૧૦ વર્ષ સુધી દક્ષિણને કોઈ ફંડ નથી આપ્યું, વડાપ્રધાને જણાવવું જોઈએ કે તેમણે કેરળને કેટલું ફંડ આપ્યું.

# ભાજપે ચૂંટણીને ધ્યાનમાં રાખીને શોભાયાત્રા પર હુમલાની ઘટનાનું પૂર્વ આયોજન કર્યું હતું : મમતા

કોલકતા,

પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લામાં રામ નવમીની શોભાયાત્રા દરમિયાન થયેલા પથ્થરમારાને લઈને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે રામ નવમી પર આયોજિત કાર્યક્રમમાં જે હિંસા ભડકી હતી તે પૂર્વ આયોજિત હતી. ભાજપ પર આરોપ લગાવતા મમતાએ કહ્યું કે, લોકસભાની ચૂંટણીના કારણે ભાજપે આ ઘટનાનું પૂર્વ આયોજન કર્યું હતું.

રામનવમી એટલે કે ૧૭ એપ્રિલે મુર્શિદાબાદ જિલ્લાના શક્તિપુરમાં એક શોભાયાત્રા દરમિયાન બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો, જેના માટે મમતા બેનર્જીએ ભાજપને જવાબદાર ગણાવ્યું છે. મમતા બેનર્જી લોકસભા ચૂંટણી માટે રાયગંજ મતવિસ્તારમાં ચૂંટણી રેલી કરી રહ્યા હતા, આ રેલી દરમિયાન તેમણે ભાજપ પર આરોપ લગાવ્યો અને કહ્યું કે મુર્શિદાબાદ જિલ્લામાં થયેલી હિંસા પૂર્વ આયોજિત હતી, વધુમાં તેમણે કહ્યું કે ભાજપે આગામી લોકસભા ચૂંટણી માટે આ હિંસાનું આયોજન કર્યું હતું. તેને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવી છે.

રેલી દરમિયાન, મમતાએ કહ્યું કે રામ નવમીના એક દિવસ પહેલા, મુર્શિદાબાદના નાયબ પોલીસ મહાનિરીક્ષકને હટાવવામાં આવ્યા હતા જેથી ભાજપ સરઘસ દરમિયાન હિંસા કરી શકે. એટલું જ નહીં, તેણે એવો પણ દાવો કર્યો છે કે ભાજપ સાથે જોડાયેલા ગુંડાઓએ જિલ્લામાં પોલીસકર્મીઓને પણ માર માર્યો છે. મુર્શિદાબાદમાં બુધવારે એટલે કે ૧૭ એપ્રિલની સાંજે રામનવમીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

# ત્રીજો મોરચો તૈયાર કરનાર પલ્લવી પટેલ એનડીએ માટે મુશ્કેલી બની શકે

મિર્ઝાપુર,

સપા સાથે ગઠબંધન તોડીને ત્રીજો મોરચો તૈયાર કરનાર પલ્લવી પટેલ એનડીએ માટે મુશ્કેલી બની શકે છે. પછાત, દલિત અને મુસ્લિમની રચના કરનાર પલ્લવી પટેલે ભદોહીથી પ્રેમચંદ બાઈન્ડને ઉમેદવાર બનાવ્યા છે. મિર્ઝાપુર લોકસભા સીટ માટે પલ્લવી પટેલ અથવા વૈશ્ય પર દાવ લગાવી શકે છે. જો આમ થશે તો એનડીએને ત્રીજા મોરચાથી મોટું નુકસાન થવાનું છે. ૨૦૧૪ થી, બિંદ, પટેલ અને વૈશ્ય પૂર્વાંચલમાં ભાજપના મુખ્ય મતદારો માનવામાં આવે છે. તેઓ ૨૦૧૪ અને ૨૦૧૯માં એનડીએ સાથે ગયા હતા. ૨૦૨૪ની ચૂંટણીમાં પલ્લવી ત્રીજો મોરચો બનાવવા જઈ રહી છે અને પૂર્વાંચલમાં બિંદ અને પટેલો પર દાવ લગાવવા જઈ રહી છે, જે એનડીએ માટે માથાનો દુખાવો સાબિત થઈ શકે છે. ઈન્ડિયા અને એનડીએ ગઠબંધનથી ઉપેક્ષિત અને અલગ થયા બાદ યુપીમાં ત્રીજો મોરચો બનાવવામાં આવ્યો છે. આ મોરચામાં અપના દળ કામરાવાડી ઉપરાંત એઆઈએમઆઈએમ પ્રગતિશીલ માનવ સમાજ પાર્ટી સહિત અન્ય પક્ષો છે.

# કેરળમાં બતક દ્વારા બર્ડ ફ્લૂ ફેલાતા પક્ષીઓને મારવાનો લેવાયો નિર્ણય

અલપ્પુ,

કેરળમાં ફરી એકવાર બર્ડ ફ્લૂના કેસ સામે આવ્યા છે, જે બાદ આ રોગ ફેલાવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. બર્ડ ફ્લૂના કેસો મળ્યા બાદ વહીવટીતંત્ર સક્રિય મોડમાં હોવાનું જણાય છે. અધિકારીઓનું કહેવું છે કે કેરળના અલપ્પુઝા જિલ્લામાં બે સ્થળોએ બર્ડ ફ્લૂનો ફેલાવો નોંધાયો છે. તેમાં ઈદથવા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૧ અને ચેરુથાણા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૩નો સમાવેશ થાય છે.એવું જાણવા મળ્યું છે કે પાળેલા બતકોમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઈ છે. અધિકારીઓનું કહેવું છે કે બર્ડ ફ્લૂના લક્ષણો દર્શાવ્યા બાદ બતકના સેમ્પલની તપાસ કરવામાં આવી છે. આ નમૂનાઓ ભોપાલની એક લેબમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં રોગની પુષ્ટિ થઈ છે. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીનું કહેવું છે કે નમૂનામાં એવિયન ઈન્ફ્લ્યુએન્ઝાની પુષ્ટિ થઈ છે.



બર્ડ ફ્લુ જોવા મળતાં વહીવટીતંત્રે પગલાં લીધાં છે. ભારત સરકારના એકશન પ્લાન મુજબ જિલ્લા મેજીસ્ટ્રેટની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી છે. આ બેઠકમાં એપિક સેન્ટરથી એક કિલોમીટરની ત્રિજયામાં ઉછેરવામાં આવતા પક્ષીઓને મારી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.


**ઉફ યે ગરમી !**

# આકરા તાપમાં ભાવનગરના રસ્તાઓ બપોર થતા જ સુમસામ, અંગદાહક ગરમીથી બચવા ટોપી, ચશ્મા અને દુપટ્ટાનો સહારો









સમગ્ર રાજ્યની સાથે ભાવનગરનું તાપમાન પણ છેલ્લા બે દિવસથી મહત્તમ નોંધાઈ રહ્યું છે ત્યારે બપોર પડતા જ ભાવનગરમાં જાણે કર્ફ્યુ હોય તેમ રસ્તાઓ મોટાભાગે સુમસામ થઈ જાય છે. આકરા તાપમાં સૂર્યનારાયણના કોપથી બચવા માટે નગરજનો બને ત્યાં સુધી ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. માથુ ફાડી નાખે તેવી ગરમીના કારણે જાણે કરફ્યુ હોય તેમ રસ્તા પર બપોર થતા જ અવર-જવર ઓછી થવા લાગે છે. તો સૂર્યના સીધા કિરણો અને ફેંકાતી લૂથી બચવા વાહન ચાલકો ટોપી, ચશ્મા અને દુપટ્ટાનો સહારો લઈ રહ્યા છે. શહેરમાં હાલ ત્રણેક જેટલા મુખ્ય બગીચાનું કામ ચાલી રહ્યું છે ત્યારે બાકીના બચેલા બગીચામાં લીલોતરીમાં બેસી લોકો ગરમીથી રાહત મેળવવાના પ્રયાસ કરતા નજરે પડી રહ્યા છે.

## વરતેજની જાણીતી કંપનીમાં ગેસની પાઈપ લીકેજ થતા શ્રમિક ગંભીર રીતે દાઝ્યો

**કંપનીના સંચાલકો અને સ્ટાફે તાકીદની સારવાર માટે હાથ ધરી જરૂરી કાર્યવાહી**



ભાવનગર, તા.૧૯

ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ફેક્ટરીઓમાં પણ તાપમાન ઔર વધ્યું છે અને અકસ્માની ઘટનાઓ સામે આવી રહી છે. વરતેજ જીઆઈડીસીમાં એક ખાનગી કંપનીમાં આવા જ એક અકસ્માતના બનાવમાં એક શ્રમિક ગંભીર રીતે દાઝી જતા દોડધામ થઈ પડી હતી.

સુત્રોથી પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના વરતેજમાં જીઆઈડીસીમાં ગેસ પાઈપ લીકેજ થતા આગ લાગી હતી. જે બનાવમાં આ સમયે કામ કરી રહેલ શ્રમિક ગંભીર રીતે દાઝી જતા તેને તાબડતોબ સરકારી સર તખ્તસિંહજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે. બનાવના પગલે કંપનીના સંચાલકો અને સ્ટાફે તાકીદની સારવાર માટે જરૂરી કાર્યવાહી કરી હોવાનું વધુમાં જાણવા મળ્યું છે.

## સસ્તામાં સોનાના સિક્કા અને માળા આપવાનું કહી પીલગાર્ડનમાં ખેલ પડાયો : વેપારી ૬.૫૧ લાખમાં ધુતાયો

ભાવનગર, તા.૧૯

ખોદકામ દરમિયાન ઘડો મળી આવ્યો છે અને તેમાં સોનાના આભુષણો છે અને તે સસ્તા ભાવે વેચી દેવાના છે. લોકોને ધુતવાની આ સ્કીમ વર્ષોથી ચાલી રહી છે તેમ છતાં લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે તે કહેવત અનુસાર વખતો વખત નવા-નવા લોકો છેતરપિંડીનો ભોગ બનતા રહે છે. ભાવનાગારના અલંગમાં પાન-માવાની દુકાન ચલાવી પેટીયુ રળી ખાતો એક વિપ્રને સસ્તામાં સોનાના સિક્કા મેળવવાની લાલસા જાગતા તેને પીલગાર્ડનમાં બોલાવી ખેલ પાડી દેવાયો હતો અને વેપારીએ ભેગી કરેલી મરણ મુડી તેમજ સગા-સબંધીઓ પાસેથી પણ ઉછીના મેળવી રૂા.૬.૫૧ લાખ ચુકવ્યા હતાં. આખરે ચુનો ચોપડાયો હોવાની જાણ થતા રહી રહીને આ ઘટનામાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

**પહેલા મજુરી કામ માંગ્યું અને પછી સસ્તા સોનામાં સલવાડ્યો, અજાણ્યા શખ્સોની વાતમાં આવી ગયેલા વેપારીએ મરણ મુડી અને ઉછીના પાછીના કરી સોનાની માળા ખરીદી જે હળાહળ ખોટી નીકળી !**

આ બનાવની ઉપલબ્ધ વિગતો મુજબ અલંગમાં પાનમાવાની દુકાન ધરાવતા મહેશભાઈ ધાંધલ્યા (રહે.વરતેજ)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેઓ અલંગ ખાતે ખોડીયાર પાન સેન્ટરના નામથી પાનમાવાની દુકાન ચલાવે છે. તા.૨૪ ફેબ્રુઆરીના રોજ બે ગઠિયા તેમની દુકાને આવ્યા હતા અને તેમણે કોઈ મજુરી કામ હોય તો કહેજો તેમ કહી તેમનો નંબર આપ્યો હતો. ત્યાર બાદ એક શખ્સે તા.૨૬ ફેબ્રુઆરીના રોજ મહેશભાઈને ફોન કરી મજુરી કામની વાત કરી હતી.

આથી હાલ કોઈ કામ ન હોવાનું જણાવતા આ ગઠીયાએ કહ્યું હતું કે, તમારા લાયક કામ છે. અમે કચ્છમાં મજુરી કામ કરતા હતા ત્યારે ઘડો મળ્યો છે અને તેમાંથી જે સોનાના સિક્કા અને માળા મળી છે તે ખાનગીમાં સસ્તામાં વેંચવાની છે એટલે ફરિયાદીએ આરોપીને અલંગ આવવાનું કહ્યું હતું. પરંતુ તે અલંગ આવ્યો ન હતો અને ફરિયાદીને ભાવનગર આવવાનું કહેતા ૧ માર્ચના રોજ ફરિયાદી ભાવનગર આવ્યા હતા અને તમામ પીલગાર્ડનમાં બેઠા હતા. આ સમયે પિલગાર્ડમાં બન્ને ગઠીયાએ સોનાની માળા બતાવી હતી અને એક શખ્સે માળાના બે પારા તોડી ફરિયાદીને આપ્યા હતા અને તમે તમારા સોની પાસે ચેક કરાવી લ્યો તેમ કહેતા ફરિયાદીએ ભાવનગર અને તળાજાના સોની પાસે બન્ને પારા ચેક કરાવતા તે સોનાના હોવાનું જણાવ્યું હતું.

અનુસંધાન ૬